નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


દરેક પોલીસ સ્ટેશનમાં શરૂ થશે સાંત્વના કેન્દ્ર

દરેક પોલીસ સ્ટેશનમાં શરૂ થશે સાંત્વના કેન્દ્ર

જુઓ પેજ નં.૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :17 JANUARY 2025 | FRIDAY | Page :8 | Year : 2 | Issue :243 | Price: 2/-

# આઠમા પગાર પંચની રચનાની જાહેરાત

## કેન્દ્રના ૧.૧૫ કરોડ કર્મચારી અને પેન્શનરોને લાભ

■પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયેલ આ નિર્ણય

■પંચને પોતાનો રિપોર્ટ તૈયાર કરીને ૨૦૨૬ સુધી સુપ્રત કરવાનો રહેશે : ટૂંક સમયમાં પંચના અધ્યક્ષ અને સભ્યોના નામ જાહેર થશે



નવી દિલ્હી : કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીએને બજેટ ૨૦૨૫થી પહેલા સારા સમાચાર આપ્યા છે. કેન્દ્રની એનડીએ સરકારે ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૫ લાખ કેન્દ્રીય પેન્શનરો એમ કુલ ૧.૧૫ કરોડ લોકોને ફાયદો થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વવાળી સરકારે આઠમા પગાર પંચની રચનાનો નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોનું મોંઘવારી ભથ્થું વધીને ૫૩ ટકા થઇ ગયો છે. કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો લાંબા સમયથી આઠમા પગાર પંચની રચનાની જાહેરાતની રાહ જોઇ રહ્યાં હતાં. જો કે અત્યાર સુધી સંસદમાં જ્યારે પણ આઠમા પગાર પંચને અમલમાં મૂકવા અંગે કોઇ પણ પ્રશ્ન પૂછવામાં આવતો હતો ત્યારે સરકાર આ અંગેનો કોઇ પ્રસ્તાવ રજૂ થયો ન હોવાનું કહેતી હતી.

જો કે હવે સરકારે આઠમા પગાર પંચની રચનાની સત્તાવાર જાહેરાત કરી છે. આ સાથે જ આઠમા પગાર પંચની રચનાનો માર્ગ સાફ થઇ ગયો છે . કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયેલ આ નિર્ણયની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બેઠકમાં નવા પગાર પંચની રચનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પંચને આગામી વર્ષ એટલે કે ૨૦૨૬ સુધી પોતાનો રિપોર્ટ સુપ્રત કરવો પડશે. આઠમા પગાર પંચના અધ્યક્ષ અને તેના બે સભ્યોના નામની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દર દસ વર્ષે નવા પગાર પંચની રચના કરવામાં આવે છે. સાતમું પગાર પંચ ૨૦૧૬થી અમલમાં મૂકવામાં આવ્યું હતું. આ પગાર પંચના દસ વર્ષ ડિસેમ્બર, ૨૦૨૫માં પૂરા થશે. સાતમું પગાર પંચ પૂર્ણ થતા પહેલા જ સરકારે આઠમા પગાર પંચની રચનાની જાહેરાત કરી દીધી છે.

આઠમું પગાર પંચ અમલમાં આવ્યા પછી કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં મોટો વધારો થઇ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આઠમા પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટર ઓછામાં ઓછું ૨.૮૬ નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે.


જો આમ થશે તો લઘુતમ બેઝિક પગાર વધીને ૫૧,૪૮૦ થવાનો અંદાજ છે. હાલમાં લઘુતમ બેઝિક પગાર ૧૮૦૦૦ છે. તેવી જ રીતે લઘુતમ પેન્શન ૯૦૦૦ રૂપિયાથી વધીને ૨૫,૭૪૦ થઇ જવાની શક્યતા છે.

# ઈસરોનો અવકાશમાં નવો કિર્તિમાન : સ્પેસ ડોકીંગમાં સફળતા

■તા.30 ડિસેમ્બરે અવકાશમાં એક જ સાથે ૨૦ કી.મી.ના અંતરે તરતા મૂકેલા બે ઉપગ્રહોને એક જ ભ્રમણકક્ષામાં લાવી બાદમાં જોડી દીધા વિજપ્રવાહની આપ – લે થઈ

શ્રી હરિકોટ્ટા ભારતને અવકાશ સંશોધનમાં એક બાદ એક નવી સફળતા અપાવી રહેલા ઈન્ડીયન સ્પેસ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ- ઈસરોએ હવે આગામી સમયના ચંદ્રયાન-4થી ગગનયાન સહિતના મિશન માટે મહત્વના સ્પેડેક્સ મીશનમાં જબરી સફળતા મેળવી છે. આ સિદ્ધિ મેળવનાર ભારત એ અમેરિકા-રશિયા-ચીન પછી ચોથુ રાષ્ટ્ર બન્યુ છે. સેટેલાઈટ ડોકીંગ પ્રક્રિયા એ અત્યંત જટીલ અવકાશી સાહસ છે. સેટેલાઈટ ડોકીંગ એ ઝડપથી ગતિ કરતા બે અંતરીક્ષ વાતો (સ્પેસ ડ્રાફ્ટ)ને એક જ કક્ષામાં લાવવાની પ્રક્રિયા છે. જે બન્ને ધીમે ધીમે પાસે આવે છે અને અંતે બન્ને એક બીજા સાથે જોડાઈ જાય છે. અનેક અંતરિક્ષ મિશન પુરા કરવા આ પ્રકારની સફળતા મેળવવી જરૂરી છે.

ભારતના બે ઉપગ્રહોને એક જ ભ્રમણકક્ષામાં લાવ્યા બાદ પહેલા બન્નેને ૧૫ મીટર બાદમાં ૩ મીટરના અંતરે નજીક નજીક લવાયા હતા અને અંતે બન્ને એકબીજા સાથે જોડાઈ ગયા હતા. આ અંગેની વિડીયો પણ ટુંક સમયમાં જાહેર કરાશે. અગાઉ તા.૭ અને ૯ જાન્યુ.ના બે વખત આ ડોકીંગ કામગીરીમાં સમસ્યાઓ ઉભી થઈ હતી. બન્ને સેટેલાઈટ તા.30 ડીસેમ્બરે લોન્ચ કરાયા હતા.ગઈકાલે ફરી આ પ્રયાસ શરૂ કરાયો જે સફળ રહ્યો છે. ઈસરોના નવા વડા તરીકે વી.નારાયણમૂર્તિની નિયુક્તિના ૪૮ કલાકમાં જ આ સફળતા મળી છે. ચંદ્રયાન-૪ જે ભવિષ્યમાં રવાના થવાનુ છે તેને ચંદ્ર પર સેમ્પલ લઈને ભારત પરત લાવવાનો કાર્યક્રમ છે. જેમાં ચંદ્ર પર ઉતારનાર યાનને પરત લાવવા માટે ચંદ્રની આસપાસ ફરતા મુખ્ય યાન સાથે તે જોડાય તે પ્રક્રિયા થશે અને ભવિષ્યમાં ચંદ્ર પર માનવ ઉતરાણમાં પણ આ પ્રક્રિયા મહત્વની બની જશે.




નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.17/1/2025 FRIDAY




તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# લોસ્ટ એન્જલસ



દુનિયાની સાથે ખુદ અમેરિકાએ પણ લોસ એન્જલસની આગ મૂક સાક્ષી બનીને જોયા કરવી પડે એ દશા આજે એ મહાસત્તાની થઈ છે. લોસ એન્જલસ હવે લેસ એન્જલસ તો થઈ જ ગયું છે અને લોસ્ટ એન્જલસ ન થાય એની ચિંતા અમેરિકન સરકારને સતાવી રહી છે. અમેરિકાનું આ એક સ્વર્ગ પ્રકૃતિના અગન તાંડવમાં ફસાઈ ગયું છે. લોસ એન્જલસમાં લાગેલી જંગલની અનિયંત્રિત આગ અને જાનમાલના મોટા પાયે થયેલા નુકસાનથી સાબિત થયું છે કે વિશ્વની નંબર વન મહાસત્તા પણ કુદરતના પ્રકોપ સામે વામન સાબિત થઈ છે. જંગલમાં આગ લાગ્યા પછી, તેણે ઘણા શહેરી વિસ્તારોને પોતાની લપેટમાં લઈ લીધા. અબજો રૂપિયાની મિલકત અને કુદરતી સંસાધનોના વિનાશ ઉપરાંત, લગભગ બે-ચાર લાખ લોકોને વિસ્થાપિત કરવા પડયા છે. દુનિયામાં ગમે ત્યારે ગમે ત્યાં દીવાસળી ચાંપનારા જગતકાજીના ઘરમાં આ અગન પલિતો કોણે ચાંપ્યો તે હજુ જોકે રહસ્ય જ છે.

સંખ્યાબંધ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે, જેમાં વૈભવી બંગલા, સરકારી માળખાકીય સુવિધાઓ અને નાગરિકી સુવિધાઓનો નાશ થયો છે. લાખો લોકોને પોતાના ઘર છોડવા માટે તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે. ફાયર વિભાગ અને સુરક્ષા દળોના તમામ પ્રયાસો છતાં, આગ કાબુ બહાર છે. લોકો લાચારીથી પોતાની જીવનભરની બચતનો નાશ થતો જોઈ રહ્યા છે. હવામાન પરિવર્તનને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થવાની આશંકા છે. આગ પછીનું દ્રશ્ય જોતાં એવું લાગે છે કે જાણે બોમ્બ ફેંકવામાં આવ્યો હોય. વિડંબના એ છે કે આ આફતમાં તકો શોધતા કેટલાક લોકો ખાલી કરાયેલા ઘરોને લૂંટવાનું પણ ટાળી રહ્યા નથી. હોલિવુડ હિલ્સ વિસ્તારમાં સાડા પાંચ હજારથી વધુ ઇમારતો નાશ પામી હોવાના અહેવાલ છે. ઘણી પ્રખ્યાત ફિલ્મ હસ્તીઓનાં ઘરો, વ્યાપારી ઇમારતો અને જાહેર સંસ્થાઓ આગનો ભોગ બન્યા છે.

આ જંગલની આગ અમેરિકાના ઇતિહાસમાં સૌથી વિનાશક સાબિત થઈ છે. ચિંતાજનક બાબત એ છે કે નજીકના ભવિષ્યમાં આ વિસ્તારમાં વરસાદની કોઈ શક્યતા નથી, જેના કારણે જંગલની આગને ઝડપથી કાબુમાં લઈ શકાતી નથી. મોટા વિસ્તારમાં વીજળી પુરવઠામાં વિક્ષેપ અને પાણી પુરવઠામાં વિક્ષેપ કટોકટીને વધુ વકરી રહ્યો છે. સલામત સ્થળોએ જવા માટે લોકોમાં અંધાધૂંધી હોવાને કારણે ઘણી જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. પાણીના દબાણ ઓછા હોવાને કારણે, અગ્નિશામકોને આગ ઓલવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વાસ્તવમાં આ આગ લોસ એન્જલસના ઉત્તરીય ભાગમાં શરૂ થઈ હતી, જેણે પાછળથી ઘણાં મોટાં શહેરોને પોતાના સપાટામાં લઈ લીધા છે. ભારે પવન અને શુષ્ક હવામાનને કારણે આગ વધુ તીવ્ર બની છે. સૂકા વૃક્ષો અને છોડમાં ઝડપથી આગ લાગી.વાસ્તવિકતા એ છે કે ૯૫ ટકા જંગલની આગ માણસો દ્વારા જ લાગે છે. જોકે, આબોહવા પરિવર્તનની અસરોને કારણે બદલાયેલી પરિસ્થિતિઓને કારણે, હવે આખા વર્ષ દરમિયાન ફરી ફરી આગ લાગવાની શક્યતા છે. વરસાદના અભાવે દુષ્કાળ અને ભારે પવન આગમાં ઘી ઉમેરે છે. ગરમ હવામાન અને વરસાદનો અભાવ પણ આગ માટે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવે છે. આ વખતે, ૧૨૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા સાન્ટા એના નામક ખતરનાક પવનોએ પણ આગને વધુ ભડકાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ વખતે આ પવન અસામાન્ય રીતે ફૂંકાઈ રહ્યા છે. આ વિસ્તારમાં રાખના સૂક્ષ્મ કણો અને ધુમાડાને કારણે બહુ મોટા સ્થાનિક વિસ્તારમાં આરોગ્ય કટોકટી જાહેર કરવામાં આવી છે.

# ગાંધીધામમાં ચોખા ઉત્પાદક યુનિટ પર ઈન્કમટેક્સ ત્રાટક્યું

## મુંબઈના દરોડાના કનેકશનમાં રાજકોટ ઈન્કમટેક્સનું સર્ચ શંકાસ્પદ – બિનહિસાબી દસ્તાવેજોની તપાસ




રાજકોટ, તા.૧૬

આવકવેરા વિભાગ દ્વારા નાણાં વર્ષની સમાપ્તિ પૂર્વે વસુલાતનો ટારગેટ હાંસલ કરવા માટે કામગીરી તેજ કરી હોય તેમ આજે ગાંધીધામમાં ચોખા ઉત્પાદક પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોટી રકમની કરચોરી ખુલવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

ઈન્કમટેક્સના માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે, મુંબઈમાં આવકવેરા વિભાગે પાડેલા દરોડાનું કનેકશન કચ્છના ગાંધીધામમાં નીકળ્યું હતું અને તેના આધારે રાજકોટની કચેરીને એલર્ટ કરીને તપાસ કાર્યવાહીમાં સામેલ થવા કહેવામાં આવ્યું હતું.

ગાંધીધામમાં સુપેલ બાસમતી રાઈસ નામની બ્રાંડ કંપનીને નિશાન બનાવવામાં આવી છે. મુંબઈ તથા રાજકોટના અધિકારીઓ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસનો રીપોર્ટ મુંબઈ તંત્રને જ સોંપવામાં આવશે. રાજકોટ આયકર વિભાગના અધિકારીએ નામ નહીં દેવાની શરતે જણાવ્યું હતું કે મુંબઈ ખાતેના ઈન્કમટેક્સના દરોડામાં સંબંધિત કંપનીનું યુનિટ ગાંધીધામમાં હોવાનું ખુલ્યું હતું અને મુંબઈ કચેરીની સુચના મુજબ રાજકોટના અધિકારીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. શંકાસ્પદ સાહિત્ય, બિનહિસાબી દસ્તાવેજો વગેરે ચકાસણી કરાશે. જપ્ત કરીને તે મુંબઈ તપાસનીશ તંત્રને સોંપી દેવામાં આવશે. સૌરાષ્ટ્રમાં લાંબા વખત બાદ ઈન્કમટેક્સે સર્ચ ઓપરેશન હાથ ધરતા વેપાર ઉદ્યોગકારોમાં ફફડાટ સર્જાયો હતો. નાણાંકીય વર્ષને આડે અઢી મહિના જ બાકી છે. વસુલાત ટારગેટ હાંસલ કરવા સર્ચ વધતા હોવાથી વેપાર ઉદ્યોગકારો એલર્ટ જ છે.

# આંધ્રમાં બેથી વધુ બાળકો હશે તે જ સ્થાનિક ચૂંટણી લડી શકશેઃ ચંદ્રાબાબુની જાહેરાત



હૈદરાબાદ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ એક મોટી જાહેરાત કરી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ સરપંચ, મ્યુનિસિપલ કાઉન્સિલર કે મેયર ત્યારે જ બની શકે છે જો તેના બેથી વધુ બાળકો હોય. આ દરમિયાન તેમણે સંકેત આપ્યો કે આનાથી વસ્તી ઘટાડાને પણ રોકી શકાય છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ નરાવરીપલ્લેમાં પરિવાર અને સંબંધીઓ સાથે મકરસંક્રાંતિની ઉજવણી કરતી વખતે એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, પહેલાં આપણી પાસે એક કાયદો હતો જેના હેઠળ ફક્ત બેથી વધુ બાળકો ન હોય તેવા લોકોને જ સ્થાનિક સંસ્થા અને મ્યુનિસિપલ સંસ્થાની ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવતી હતી. હવે, હું કહું છું કે ઓછા બાળકો ધરાવતા લોકોને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં જો તમારા બે કરતાં વધુ બાળકો હશે તો જ તમે સરપંચ, મ્યુનિસિપલ કાઉન્સિલર અથવા મેયર બની શકશો. હું આને પ્રસ્તાવિત નિયમોમાં સામેલ કરીશ. સીએમ નાયડુએ અગાઉ પણ આ અંગે સમર્થન આપ્યું હતું અગાઉ મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વિકાસ દર વધવો જોઈએ. દરેક વ્યક્તિએ આ વિશે વિચારવું જોઈએ અને પરિવારોએ ઓછામાં ઓછા બે કે તેથી વધુ બાળકો પેદા કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ. નોંધનિય છે કે, કેન્દ્રના યુથ ઈન ઈન્ડિયા-૨૦૨૨ રિપોર્ટ અનુસાર, આપણા દેશમાં ૨૫ કરોડ યુવાનો ૧૫થી ૨૫ વર્ષની વયના છે. આગામી ૧૫ વર્ષોમાં તે વધુ ઝડપથી ઘટશે.

### રાજ્યની મહિલાઓ, બાળકો અને સિનિયર સિટીઝન માટે ગુજરાત પોલીસની નવી પહેલ

# દરેક પોલીસ સ્ટેશનમાં શરૂ થશે સાંત્વના કેન્દ્ર



ગાંધીનગરા.તા.૧૭ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ રાજ્યના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો(સિનીયર સિટીઝન)ની સુરક્ષા અને સલામતી માટે સતત પ્રયત્નશીલ છે. રાજયની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ કરતાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય લીધો છે.સાંત્વના કેન્દ્ર એક એવું સ્થળ હશે જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઇલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને (પોલીસ સ્ટેશન બેઈઝડ્? સપોર્ટ સેન્ટર) જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.સાંત્વના કેન્દ્ર‘‘માં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને (પોલીસ સ્ટેશન બેઈઝડ્? સપોર્ટ સેન્ટર) આ ચારેય વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થાઓ એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે તે હેતુથી રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં ‘‘સાંત્વના કેન્દ્ર શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. વુમન હેલ્પ ડેસ્ક વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમજ કાઉન્સેલીંગ કરવાની કામગીરી કરતી હોય છે.

ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફીસર ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફીસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોનું કાઉન્સેલીંગ કરતા હોય છે.

૧૮૧-અભયમ ૧૮૧-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે.(પોલીસ સ્ટેશન બેઈઝડ્? સપોર્ટ સેન્ટર) પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલીંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને સિનીયર સિટીઝનને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભુતિ સાથે સાંભળવા. તેઓની મુશ્કેલીઓને સાંભળી યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપવું.

પોલીસ સ્ટેશનોમાં જ્યારે બાળકો, મહિલાઓ અને સિનીયર સીટીઝનો આવે ત્યારે તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને જે કામ માટે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યા હોય તે કામ ત્વરીત પુર્ણ થાય તે અંગે કાર્યવાહી કરવી. સાંત્વના કેન્દ્રની કામગીરી ઉપર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટર અંગત ધ્યાન આપી સુચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે તે સુનિશ્ચિત કરવા રાજ્યના પોલીસ વડાશ્રીએ સુચનાઓ આપી છે.

તે ઉપરાંત દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્રને સોંપવામાં આવેલી જવાબદારીઓ અંગે યોગ્ય રીતે કાર્યવાહી થઈ રહી છે કે કેમ તે બાબતે સંબંધિત / અધિકારીએ સુપરવિઝન રાખવા પણ સુચના આપવામાં આવી છે.તેવી જ રીતે કમિશ્નરેટ વિસ્તારમાં જે-તે ઝોન વિસ્તારના નાયબ પોલીસ કમિશ્નરશ્રી તેમજ જિલ્લા કક્ષાએ પોલીસ અધિક્ષકશ્રીએ તેમના કાર્યક્ષેત્રમાં આ કામગીરી ઉપર યોગ્ય સુપરવિઝન અને મોનીટરીંગ રાખવા આદેશ આપવામાં આવ્યા છે.

**સાંત્વના કેન્દ્ર એક એવું સ્થળ હશે જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે**

## ઈન્ડિયા ગઠબંધનને ફરી જીવિત કરવા પ્રયાસો વિપક્ષના નેતાઓ મળશે

**■ દિલ્હીમાં આપ અને કોંગ્રેસની લડાઈમાં ભાજપને ફાયદો હોવાના સંકેત બાદ બિહારમાં પુનરાવર્તન ટાળવા પ્રયાસ**

નવી દિલ્હી, તા.૧૬ લોકસભા ચૂંટણી સમયે રચાયેલા વિપક્ષના ઈન્ડીયા ગઠબંધનમાં જે વિખવાદ સર્જાયો છે તે સંદર્ભમાં હવે ફરી એક વખત ગઠબંધનને મજબૂત કરવા તૈયારી શરુ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં આ અંગે દિલ્હીમાં બેઠક થશે




તેમજ લખનૌમાં પણ વિપક્ષના કેટલાક નેતાઓ મળી શકે છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ગઠબંધન પ્રત્યે જે રીતે ઉદાસી દાખવવામાં આવી તે પછી મમતા બેનર્જીએ નેતૃત્વમાં ફેરફાર માંગ્યો હતો. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઈન્ડીયા ગઠબંધનના બે પક્ષો કોંગ્રેસ અને આમ આદમી સામ સામે લડી રહ્યા છે અને બંનેનું કહેવું છે કે આ વિપક્ષી જોડાણ ફક્ત કેન્દ્ર પૂરતું જ મર્યાદિત હોવાની ચર્ચા થઈ હતી. પરંતુ વિપક્ષો આંતરીક રીતે સ્પર્ધા કરીને ભાજપને જ ફાયદો કરાવી રહ્યા છે તે નિશ્ચિત બનતા હવે સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે ગઠબંધનની ભૂમિકા નિશ્ચિત કરવા અને બિહારની ચૂંટણી આવી રહી છે તે સમયે વધુ મજબૂત રીતે ભાજપ અને જનતા દળ-યુને ટક્કર મળે તે જોવા ખાસ પ્રયત્નો થશે.

## મહાકુંભમાં મૌની અમાસે ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની સંભાવના

લખનૌ મહાકુંભમાં પ્રથમ અમૃત સ્નાન સફળતાથી સંપન્ન થયા બાદ સરકાર હવે પછીના પ્રમુખ સ્નાનની પુખ્તા તૈયારી કરી રહી છે. મૌની અમાસે ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ ઉમટવાની સંભાવના છે, જેને લઈને સીએમ યોગી આદીત્યનાથે યુદ્ધના ધોરણે તૈયારીનો નિર્દેશ આપ્યો છે.૧૩ જાન્યુઆરીથી મહાકુંભના પ્રથમ સ્નાનથી અત્યાર સુધીમાં મેળાક્ષેત્રમાં ૬ કરોડથી વધુ લોકો સંગમમા ડૂબકી લગાવી ચૂકયા છે. મકરસંક્રાંતિએ પ્રથમ અમૃત સ્નાનમાં ૩.૫૦ કરોડથી વધુ લોકોએ સંગમમાં સ્નાન કર્યુ છે. હવે આગામી અમૃત સ્નાન મૌની અમાસે છે જે ૨૯મી જાન્યુઆરીએ છે. મૌની અમાસે ૮થી૧૦ કરોડ લોકોના આગમનની સંભાવના છે જેને લઈને સીએમે વ્યવસ્થા બહેતર કરવાનો નિર્દેશ કર્યો છે. રેલવે સાથે સંવાદ કરીને મહાકુંભ સ્પેશિયલ ટ્રેનોનું સમયસર આવાગમન નિશ્ચિત કરવામાં આવે.

### પ્રયાગરાજ એરપોર્ટને કુંભમેળા સુધી ઈન્ટરનેશનલનો દરજજો

નવીદિલ્હી મહાકુંભ માટે ઉતરપ્રદેશના પ્રયાગરાજ ડોમેસ્ટિક એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજજો આપવામાં આવ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે એરપોર્ટને આ સ્ટેટસ માત્ર કુંભ દરમિયાન રહેશે.ત્યારબાદ ફરીથી ડોમેસ્ટિક (ઘરેલુ) એરપોર્ટ થઈ જશે. ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજજો મળ્યા બાદ અહીંથી ગઈકાલે ભૂતાન માટે પ્રથમ ઈન્ટરનેશનલ ટેકઓફ થયું હતું.

# શાળા-કોલેજો,શાક માર્કેટ પાસે પેટ્રોલિંગ વધારો માલવિયા પોલીસ મથકમાં યોજાયો લોકદરબાર

## ટ્રાફિક સમસ્યા,ધૂમ સ્ટાઇલથી ચલાવતા વાહનચાલકો સામે કાર્યવાહી કરવા માંગકમિશનરે તમામ પ્રશ્નોના નિવારણ માટે આપી ખાતરી




રાજકોટ,તા.૧૬

માલવીયાનગર પોલીસ મથક ખાતે યોજાયેલા લોક દરબારમાં ક્રાઈમ બ્રાંચ અને ટ્રાફિક બ્રાંચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.લોક દરબારમાં પીડીએમ કોલેજ અને બેકબોન શોપિંગ સેન્ટર પાસે આવેલા ચોકની ટ્રાફિક સમસ્યા બાબતે રજૂઆત કરાઈ હતી.એટલું જ નહીં પીડીએમ, સર્વોદય કોલેજ અને મોટી સ્કૂલો પાસે આવારા તત્ત્વો બાઈક રાખી બેસતા હોવાની અને નવલનગર ઉપરાંત કૃષ્ણનગર મેઈન રોડ પર ધૂમ સ્ટાઈલના બાઈક ચાલકોનો ત્રાસ હોવાની રજૂઆત કરાઈ હતી.પીડીએમ કોલેજ ચોક ખાતે સીસીટીવી કેમેરા લગાડવા અને વિસ્તારમાં આવેલા બગીચાઓમાં આવારા તત્વોનો ત્રાસ દૂર કરવા પોલીસ પેટ્રોલિંગ કરે, શાક માર્કેટમાં સાંજના સમયે સિવીલ ડ્રેસમાં પોલીસ પેટ્રોલિંગ કરે, મંગળવારે ભરાતી બજારને કારણે હેવી વાહનો પર પ્રતિબંધ મુકાય અને શાક માર્કેટોમાં જરૂરી પોલીસ પેટ્રોલિંગ રાખવા બાબતે રજૂઆત કરાઈ હતી.ખોડિયારનગર શાક માર્કેટ ચોકમાં રેંકડી ધારકો રોડ બ્લોક કરતાં હોવાથી ટ્રાફિકની સમસ્યા અંગે ઉપરાંત સીસીટીવી કેમેરા લગાવવા બાબતે રજૂઆત કરાઈ હતી.

પોલીસ કમિશ્નરે જયાં-જયાં સીસીટીવી કેમેરા લગાવવાની જરૂરિયાત હોય ત્યાં મનપા સાથે સંકલન સાધી સીસીટીવી કેમેરાઓ લગાડવા ખાતરી આપી હતી. એટલું જ નહીં વેપારીઓને ધંધાના સ્થળે સરકારની જોગવાઈ અનુસાર સીસીટીવી લગાડવા જાણકારી આપી હતી. ટ્રાફિકની સમસ્યા અને નંબર પ્લેટ વગરના વાહનો સામે ઝુંબેશ ગોઠવવા ટ્રાફિક બ્રાંચને સૂચના આપી હતી.સાથોસાથ પોલીસ કમિશનરે લોકોને ડિજીટલ અરેસ્ટ બાબતે અજાણ્યા નંબર પરથી કોલ આવે તો નહીં ગભરાવા અને તત્કાળ નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા ઉપરાંત સાયબર ફ્રોડ બાબતે સાવચેત રહેવા માર્ગદર્શન આપ્યું હતું.

## ધ્રોલ નજીક આજે વહેલી સવારે ગોઝારો અકસ્માત

# રાજકોટ-જામનગરના ત્રણ મિત્રોનાં મોત, બે ગંભીર

રાજકોટ,તા.૧૬

રાજકોટ-જામનગર હાઈવે પર વારંવાર અકસ્માતો સર્જાતા રહે છે, તેમાં વધુ એક ગોઝારા અકસ્માતનો ઉમેરો થયો છે. જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ નજીક આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી, જેમાં કારમાં સવાર પાંચ વ્યક્તિઓમાંથી ત્રણના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. જ્યારે બે લોકોને અતિગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ ગંભીર અકસ્માત અંગે મળતી માહિતી મુજબ જામનગર અને રાજકોટના પાંચ મિત્રો જીજે-૩૬-અઈ-૪૯૫૭ નંબરની એક વરના કાર લઈને લતીપર ખાતે એક લગ્ન સમારંભમાં આવ્યા હતાં. જ્યાં રાત્રે દાંડિયા રાસનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નાસ્તો કરવા ગયા હતા. નાસ્તો કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે ગોકુળપુર નજીક કારચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતાં આ કાર ગુલાંટ મારીને રોડની સાઇડમાં ખાડામાં ખાબકી હતી. બેકાબુ કાર ખાડામાં ખાબકતા આજુબાજુના લોકો એકઠા થઇ ગયા હતા જેમણે પોલીસ અને એબ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં તુરંત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં રિષીભાઈ મુકેશભાઈ ચભાડીયા (રાજકોટ), ધર્મેન્દ્રસિંહ રામદેવસિંહ ઝાલા (રહે. શિવનગર શેરી નં. ૪, શંકરટેકરી ઉધોગનગર પાસે, જામનગર) અને વિવેકભાઈ દિનેશભાઈ પરમાર ( રહે. શ્રીજી હોલ પાસે, જામનગર)ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય બે લોકો ઘાયલ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



**લગ્ન સમારંભમાં રાત્રે દાંડિયા રાસ પૂર્ણ થયા બાદ હાઈવે પર નાસ્તો કરવા ગયેલા મિત્રોને કાળનો ભેંટો. બેકાબુ કાર ગુલાંટ મારીને રોડની સાઇડમાં ખાડામાં ખાબકી, કારના પતરા ચીરરીને મૃતદેહોને બહાર કાઢવા પડ્યા..**

પોલીસની પ્રાથમિક તપાસમાં કાર અનિયંત્રિત થઈને પલટી જવાથી આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કારનું પડિકુ વળી ગયું હતું. મૃતદેહોને બહાર કાઢવા કારના પતરા ચીરવા પડ્યા હતા.

# RMC મિલકતવેરાનાં ૪.૫૦ કરોડથી વધુના ૮૫૬ ચેક રિટર્નવેરો ન ભરનાર સામે 30 દિવસ બાદ ફોજદારી કાર્યવાહી કરાશે

## સરકારી મિલકતોનો ૯૩ કરોડથી વધુનો વેરો બાકી

### હવે રૂ. ૨૫,૦૦૦થી વધુનો ટેક્સ બાકી હશે તો પણ મિલકત સીલ!: વેરા વસૂલાત ઝુંબેશ સઘન બનાવવા માટે ટુંક સમયમાં વધારાનો સ્ટાફ મુકાશે




રાજકોટઃતા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં વર્ષ ૨૦૨૫ માટે રૂ. ૪૧૦ કરોડનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. જે પૈકી અત્યાર સુધીમાં રૂ. ૩૩૮ કરોડની વસુલાત થઈ છે. તો રૂ. ૭૨ કરોડ જેટલો વેરો વસુલવા માટે મનપા દ્વારા સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે, વસુલવામાં આવેલા ટેક્સ પૈકી વર્ષ ૨૦૨૪માં રૂ. ૪.૫૮ કરોડનાં ૮૫૬ જેટલા ચેક રિટર્ન થયા છે. ત્યારે મિલકતવેરાનો ટાર્ગેટ કેમ પૂરો થશે તે મોટો સવાલ છે. જોકે, આ મામલે નિયમ મુજબ ફોજદારી ફરિયાદ સુધીના પગલાં લેવામાં આવનાર છે.

છઆઈ ના બાકી મિલકતવેરામાં સરકારી કચેરીઓનો પણ સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ રેલવે વિભાગનો ૧૪ કરોડ ૩૨ લાખ ૯૪ હજાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૧૨ કરોડ ૮૨ લાખ ૫૨ હજાર અને કલેક્ટર ઓફિસનો ૧૧ કરોડ ૫૯ લાખ ૯૯ હજાર વેરો ભરવાનો બાકી છે, જે સૌથી વધુ રકમ છે.

ચેક રિટર્ન કેસમાં નોટિસ બાદ ફોજદારી કાર્યવાહી કરાશેઃ અધિકારી

મનપાનાં વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલના જણાવ્યા મુજબ, રાજકોટ મનપા દ્વારા વેરા વસુલાત માટેની કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે, આ દરમિયાન વર્ષ ૨૦૨૪માં રૂ. ૪.૫૮ કરોડની કિંમતના કુલ ૮૫૬ જેટલા ચેક રિટર્ન થયા હતા. આ પૈકીનાં ૭૫ ટકા કિસ્સામાં બેંકમાં અપૂરતું ફંડ હોવાનું સામે આવ્યું હતું, જેને લઈને નિયમ મુજબ તેની પણ રિકવરી કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં રૂ. ૪.૧૯ કરોડનાં ૮૦૪ ચેકની વસુલાત થઈ ચૂકી છે. જ્યારે રૂ. ૩૯ લાખના ૫૨ ચેક રિકવરી બાકી છે. આ માટે નિયમ મુજબ નોટિસ આપવાની કામગીરી કરવામાં આવી છે અને જરૂર પડ્યે ફોજદારી ફરિયાદ કરવામાં આવનાર છે.

રાજકોટ મનપા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂપિયા ૪૧૦ કરોડનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો. જેની સામે અત્યાર સુધીમાં રૂ. ૩૩૮ કરોડની વસુલાત કરાઈ ચૂકી છે અને બાકીની રકમ વસૂલવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ માટે વધારાનાં સ્ટાફની પણ ફાળવણી કરવામાં આવી ચૂકી છે. સામાન્ય રીતે ઘણા લોકો ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં જ ટેક્સ ભરવાનો આગ્રહ રાખતા હોય છે. હાલ પથી ૨૫ હજાર રૂપિયાનો વેરો બાકી હોય તેવા બાકીદારો પાસેથી પણ મિલકત અને પાણી વેરો વસુલવામાં આવી રહ્યો છે. જેને લઈને બાકી રહેલા અઢી માસ દરમિયાન લક્ષ્યાંક પૂરો થવાની પૂરતી સંભાવના છે.

સરકારી મિલકતોનાં બાકી વેરા અંગે જણાવતા તેમણે કહ્યું હતું કે, હાલ રેલવે, કલેક્ટર ઓફિસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતની સરકારી મિલકતોનો રૂ. ૯૩ કરોડ જેટલો વેરો વસુલવાનો બાકી છે. જોકે, આ કચેરીઓમાં લોકોની મોટા પ્રમાણમાં અવરજવર રહેતી હોવાથી તેની સામે સિલિંગ જેવી કાર્યવાહી કરી શકાતી નથી. પરંતુ આ પ્રકારનો વેરો વસૂલવા માટે મ્યુ. કમિશનર દ્વારા જે-તે કચેરીના અધિકારીઓ સાથે પત્રવ્યવહાર તેમજ મિટિંગો પણ કરવામાં આવી રહી છે. સરકાર તરફથી ગ્રાન્ટ મંજૂર થયા બાદ આ કચેરીઓનો મહત્તમ બાકીવેરો પણ વસુલાય તેવી શક્યતા છે.

ટેક્સ વિભાગ દ્વારા અત્યાર સુધી રૂ. ૫૦ હજારથી વધુ વધુ રકમનો ટેક્સ બાકી હોય તેવા મિલકતધારકો સામે સિલિંગ સહિતની કામગીરી કરવામાં આવતી હતી. હવે છેલ્લા બે મહિના દરમિયાન જે મિલકતધારકોનો રૂ. ૨૫ હજારથી વધુ રકમનો ટેક્સ બાકી છે, તેમની સામે પણ સિલિંગ ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. આવા મિલકત ધારકોની યાદી તૈયાર થઈ ગઈ છે અને હવે આ ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે.

મહાનગરપાલિકા દ્વારા સામાન્ય સંજોગોમાં જાન્યુઆરી અંત પછી વેરા વસુલાત ઝુંબેશને વધુ કડક બનવવામાં આવે છે. અને સરકારી અર્ધ સરકારી કચેરીઓ, બેંકો, મોબાઈલ ટાવર તેમજ સામાન્ય મિલકતધારકો પાસેથી ટેક્સ રિકવરી કરવા માટે સિલિંગ ઝુંબેશ, ચેક પરત ફરે તો એક મહિનામાં કોર્ટમાં ફરિયાદ સહિતની કામગીરી કરવામાં આવે છે. દરવર્ષે બે મહિના માટે આ ઝુંબેશ વધુ સઘન બનાવવા ટેક્સ બ્રાંચને અન્ય વિભાગોમાંથી સ્ટાફ ફાળવવામાં આવે છે. ત્યારે જાન્યુઆરી માસના અંત સુધીમાં ટેક્સ બ્રાંચને વધારાનો સ્ટાફ ફાળવી દેવાશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં નવા ભળેલા મોટામૌવા, માધાપર, મુંજકા, મનહરપુર સહિતના વિસ્તારોને કારણે ટેક્સ શાખામાં મિલકતધારકોની સંખ્યા વધીને ૫.૯૦ લાખ જેટલી થઈ છે. શહેરના વધતા જતાં વિસ્તારોની નળ, ગટર અને રસ્તાની પ્રાથમિક સુવિધા પુરી કરવા માટે અને વિકાસકામો આગળ ધપવવા માટે મહાનગરપાલિકા દ્વારા બજેટમાં દરવર્ષે મિલકતવેરાનો ટાર્ગેટ વધારવામાં આવે છે. ૨૦૨૪-૨૫ બજેટમાં આ ટાર્ગેટ રૂ.૪૧૦ કરોડ રાખવામાં આવ્યો છે. આ સામે અત્યાર સુધીની કુલ રિકવરી રૂ.૩૩૮ કરોડ થઈ છે. નાણાંકિય વર્ષ પુરૂ થવા આડે હવે બે મહિના જેવો જ સમય રહ્યો છે. બીજી તરફ લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે હજી ૭૨ કરોડનું છેટું છે અને દરરોજ માત્ર રૂ. ૩૦-૪૦ લાખની વસુલાત થઈ રહી છે. ત્યારે ચાલુ નાણાકીય વર્ષમાં લક્ષ્યાંક પૂરો થવાની હાલ ઓછી શક્યતા જોવા મળી રહી છે.

# અમરેલીની ઠંડીએ નલિયાને પાછળ છોડ્યું: તાપમાન ૪ ડિગ્રી ઘટ્યું

## ઠંડા પવનો ફૂંકાતાં હાડ ગાળતી ઠંડી અનુભવાશે



અમદાવાદઃ ગુજરાત પરના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વિવિધ જિલ્લાના લઘુતમ અને મહત્તમ તાપમાનમાં છેલ્લા ત્રણ દિવસથી વધઘટ થઈ રહી છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં તાપમાનમાં એકાએક ચાર ડિગ્રી સેલ્સિયસ સુધીના વધારા બાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાનમાં ૩થી ૪ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. નલિયાને પાછળ છોડીને રાજકોટ બાદ હવે અમરેલી ૮.૨ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ચાર દિવસ સુધી લઘુતમ તાપમાન યથાવત્? રહેવાની સંભાવના છે, એટલે કે રાજ્યમાં ફરી એક વખત બેઠી ઠંડીનો અનુભવ થશે.

### અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું. ત્યારબાદ રાજકોટમાં પણ લઘુતમ તાપમાન નલિયા કરતાં ઓછું રહ્યું હતું. ગત રાત્રિએ અમરેલીમાં રાજ્યનું સૌથી ઓછું ૮.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત રાજકોટમાં ૯.૪ ડિગ્રી સેલ્સિયસ અને નલિયામાં ૯.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અમદાવાદમાં ચાર ડિગ્રી સેલ્સિયસના ઘટાડા સાથે ૧૨.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો વડોદરામાં ૧૭.૨ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૬.૩ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

### વાતાવરણમાં સવારે ગાઢ ધુમ્મસ જોવા મળ્યું

હજુ પણ ૪ દિવસ ઠંડી રહેશે, પછી પારો વધશે

રાજકોટ શહેરમાં મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન પણ ઠાર અનુભવાઈ રહ્યો છે. સામાન્ય રીતે આ દિવસોમાં ન્યૂનતમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાતું હોય છે, પણ શહેરમાં પારો ૧૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ જ રહે છે. શહેરમાં મંગળવારે ન્યૂનતમ તાપમાન ૯.૯ ડિગ્રી, જ્યારે બુધવારે ૧૦.૮ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જાન્યુઆરીના બીજા સપ્તાહનું સામાન્ય તાપમાન ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ છે અને ૧૩થી ૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાતું હોય છે. જોકે, આ વખતે સામાન્ય કરતાં ૨થી ૩ ડિગ્રી ઘટાડો આવ્યો છે. હજુ ચાર દિવસ સુધી પારો ૧૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે તેવી શક્યતા છે. ત્યારબાદ ક્રમશ વધારો આવશે. મહત્તમ તાપમાન વિશે વિભાગે જણાવ્યું છે કે, હાલ જે તાપમાન નોંધાઈ રહ્યું છે તે ૨૮ ડિગ્રી સેલ્સિયસ છે અને સામાન્ય જ છે. પણ હાલ પવનની ગતિ ક્યારેક ૧૫થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક જેટલી નોંધાતી હોવાથી દિવસ દરમિયાન ઠારનો અનુભવ થાય છે.

# સરકારી જમીન પર ગેરકાયદે ખડકાયેલા બાંધકામોને હટાવવા મહેસુલ વિભાગના ચીફ સેક્રેટરી જયંતિ રવિનો આદેશ

■ રાજકોટમાં મ્યુકમિશ્નર, એડીશ્નલ કલેકટર સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજી રાજકોટ જિલ્લાની મહેસુલી કામગીરીની કરી સમિક્ષા



રાજકોટ,તા.૧૬

રાજયના મહેસુલ વિભાગના એડીશ્નલ ચીફ સેક્રેટરી જયંતિ રવિએ ગઈકાલે રાજકોટની લીધેલી ટૂકી મૂલાકાત દરમિયાન મ્યુ.કમિશ્નર એડીશ્નલ કલેકટર અને મહેસુલી અધિકારીઓ સાથે બેઠક યોજી રાજકોટ જિલ્લાની મહેસુલી કામગીરીની સમિક્ષા કરી હતી.મહેસુલ વિભાગના એડીશ્નલ ચીફ સેક્રેટરી જયંતિ રવિએ રાજકોટ શહેર-જિલ્લામાં સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા બાંધકામોને હટાવવા અધિકારીઓને આદેશ કર્યો હતો. આ ટૂંકી બેઠકમાં કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજના અંતર્ગત ગામડાઓમાં ગામતળની જમીનના પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવામાં કયા પ્રકારની મુશ્કેલી પડી રહી છે તે અંગે પણ ચર્ચા કરાઈ.

આ બેઠકમાં કલેકટરના ચાર્જમાં રહેલા મ્યુનિસિપલ કમિશનર ઉપરાંત એડિશનલ કલેકટરની સાથે મામલતદાર અને પ્રાંત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જોકે એક કલાકની બેઠક બાદ જયંતી રવિ જામનગર જવા રવાના થઈ ગયા હતા.

# નવા રીંગ રોડને ફોર ટ્રેક કરવા રૂડા તુરંતમાં નિર્ણય લેશે: મહાપાલિકાની હદના કામમાં હજુ થતી ઢીલ

## આગામી સપ્તાહે બોર્ડ મીટીંગમાં દરખાસ્ત મંજૂર થવાની શકયતા
## અટલ – સ્માર્ટ સીટી વિસ્તારમાં ઝડપથી કામ કરવાની જરૂર




રાજકોટ, તા. ૧૬

નવા રીંગ રોડ પર અટલ સરોવર, સ્માર્ટ સીટી સહિતના ડેવલપમેન્ટના મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થઇ ચૂકયા છે. પરંતુ આ નવો રીંગ રોડ હજુ વાસ્તવમાં ફોર ટ્રેકના બદલે ટુ ટ્રેક જ રહ્યો છે. આથી રૂડા દ્વારા આ નવા મોટા કામનો કોન્ટ્રાકટ આપવા આગામી સપ્તાહે નિર્ણય લેવામાં આવે તેવા સંકેત છે.

રાજકોટ અર્બન ઓથોરીટી ખાતે આગામી તા.૨૩ને બુધવારે બોર્ડ મિટિંગ મળનારી છે જેમાં રિંગ રોડ-૨ ફોર ટ્રેક બનાવવાનો કોન્ટ્રાકટ મંજુર કરવાની સહિતની દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. રિંગ રોડ-૨ મહાપાલિકા અને રૂડા તેમ બન્નેની હદમાંથી પસાર થતો હોય આ પ્રોજેક્ટ માટે બન્નેએ પોતાના હદ વિસ્તારના રસ્તા માટે સમાંતર રીતે ટેન્ડર પ્રક્રિયા કરી હતી. દરમિયાન રૂડા કચેરીમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દરખાસ્ત તૈયાર થઇ ગઇ છે, જયારે મહાપાલિકામાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ છે પરંતુ હજુ દરખાસ્ત કક્ષાએ કાર્યવાહી પહોંચી નથી.

રૂડા હેઠળના વિસ્તારમાં પ્રથમ તબકકામાં ૮.૨ કિલોમીટરનો રસ્તો આવે છે તે માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી છે. સૌથી નીચા ભાવ ઓફર કરનાર એજન્સીને કામ આપવા દરખાસ્ત તૈયાર કરાઇ છે. જે અંગે બુધવારે મળનારી બોર્ડ મિટિંગમાં નિર્ણય કરવામાં આવશે. હવે આ સાથે મહાપાલિકા પણ પોતાની હદમાં આવતા રીંગ રોડના કામ માટે ટેન્ડર પ્રક્રિયા અને દરખાસ્ત પ્રક્રિયા પૂરી કરે તો નજીકના ભવિષ્યમાં નવો રીંગ રોડ વાસ્તવમાં ફોર ટ્રેક ઝડપથી બને તેમ છે.

# ’ભૂલ પેપર સેટરની-દંડ પરીક્ષાર્થીઓને?’ હવે GPSCની પરીક્ષામાં આન્સર કી સામે વાંધા સૂચનો માટે ભરવી પડશે ફી

ગુજરાત જાહેર સેવા આયોગ () દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો રજૂ કરાય છે. આ પછી ફાઈનલ આન્સર કી જાહેર કરાય છે. જયારે હવે GPSCના ચેરમેન હસમુખ પટેલે પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનોની અરજીને લઈને નિવેદન આપી જણાવ્યું છે કે, ’હવે વાંધા સૂચનો માટે પરીક્ષાર્થીઓ પાસેથી ફી લેવાશે.’ બીજી તરફ, હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે.




GPSC દ્વારા જાહેર કરવામાં આવતી તમામ પરીક્ષાઓમાં પરીક્ષા લેવાયા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાય છે અને ત્યારબાદ આન્સર કીમાં જણાતા વાંધાઓ ઉમેદવારો રજૂ કરે છે. જેને ધ્યાનમાં રાખીને GPSCના ચેરમેન હસમુખ પટેલે નિવેદનમાં આપીને પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે.

GPSCના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું કે, ’હવે તમામ પરીક્ષાઓની અંદર ઓનલાઈન માધ્યમથી વાંધા સૂચનો લેવાશે. જેમાં વાંધા સૂચનો રજૂ કરનારે એક પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ભરવાની રહેશે. ભૂતકાળમાં વાંધા સૂચનો માટે ફી ન લેવામાં આવતી હોવાના કારણે એક જ પ્રશ્નને લઈને ઘણા બધા ઉમેદવારો વાંધા સૂચનો રજૂ કરતા હતા. જેના કારણે વધુ ફિઝિકલ મટિરિયલ હેંડલ કરવાનું થતું અને ભરતીમાં પ્રક્રિયામાં વિલંબ થતો હતો. જેને ધ્યાનમાં રાખીની આ પ્રકારનો નિર્ણય કરાયો છે.’

GPSC દ્વારા પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાના નિર્ણય સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં નકારાત્મક પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયામાં એકે પ્રતિક્રિયા આપી કે, ’વાંધા અરજી માટે રૂ.૧૦૦ ફી લો એનો વાંધો નહીં.... પણ જો પ્રશ્નમાં ભૂલ છે એ સાબિત થયું તો સામે વિદ્યાર્થીઓને રૂ.૨૦૦ પાછા આપશો?’

જયારે અન્ય એક એસ્પીરન્ટે પોસ્ટ કરી કે, ’ GPSCએ ધંધો ખોલ્યો છે. સંમતિ ભરવામાં ૫૦૦ રૂપિયા, વાંધા અરજી કરવાના ૧૦૦ રૂપિયા, કાલે કદાચ નોકરી લાગવાની ફી જાહેર કરશે.....કે નોકરી લાગ્યા બાદ નોકરી લેવી હોય તો પ્રથમ પગાર આયોગને જમા કરાવો.’ એક એસ્પીરન્ટે વાંધા અરજીમાં ફી ન હોવાનું કહીને લખ્યું કે, ’જો વાંધા અરજી કરવા ફી ભરવી પડતી હોય તો જેને પેપર સેટ કર્યું એને પણ દંડની જોગવાઈ હોવી જોઈએ.’

## માર્કેટ યાર્ડમાં નવા ચણાની આવક રૂા.૧૨૫૬ના ભાવ પડયા



કૃષિ શિયાળુ સીઝન શરૂ થઈ જ ગઈ છે અને એક પછી એક જણસીઓની નવી આવકો થવા લાગી છે. રાજકોટ માર્કેટયાર્ડમાં આજે નવા ચણા ઠલવાયા હતા. સણોસરાના હેમંત હંસરાજભાઈ નામના ખેડુતના ૧૨ ગુણી ચણા વેચાણમાં આવ્યા હતા.

હરરાજીમાં ૧૨૫૬ના ભાવ ઉપજયા હતા. નવી સીઝન પુર્વે યાર્ડમાં જુના ચણાની આવક ઓછી થઈ જ ગઈ છે. આજે ૧૯૦ કવીંટલની આવકે ૧૦૫૦ થી ૧૨૮૨માં વેપાર થયા હતા. નવા ચણાના ભાવ પણ વર્તમાન પેરિટીએ જ રહ્યાનુ વેપારીઓએ કહ્યું હતું. છેલ્લા કેટલાંક દિવસોથી ચણામાં મંદીનો માહોલ રહ્યો છે. ભાવ ઉંચી સપાટીથી કિલોએ અંદાજીત ૧૦ રૂપિયા ઘટી ગયા છે. નવી સીઝનમાં પણ ચણાનું ઉત્પાદન ચિકકાર થવાનો અંદાજ છે ત્યારે ભાવ નીચા જ રહી શકે છે.

## પ્લીઝ, અમારા સંતાનને સમજાવો! માતા - પિતા હવે હેલ્પલાઈન ૧૮૧ના સહારે

અમદાવાદ એક સમય એવો હતો કે, બાળકો તેના માતા-પિતાની કોઈ વાતને અવગળે તો વડિલને તે કેસ સુપ્રત કરી દેવાનો હતો. હવે વિભકત કુટુંબમાં તો વડિલો અદ્રશ્ય થઈ ગયા છે તે સમયે માતા-પિતાની મદદે સરકારી હેલ્પલાઈન ૧૮૧ આવી રહી છે. આ વાસ્તવિકતા છે.૨૦૨૪ના વર્ષમાંજ અભયમ-૧૮૧ હેલ્પલાઈન આવા ૬૫૫ કોલ માતા-પિતા તરફથી મળ્યા જેમાં તેમના બાળકો સંબંધીત સમસ્યામાં હેલ્પલાઈનના નિષ્ણાંતોની મદદ માંગતા હતા જે અગાઉના વર્ષ કરતા ૪૦% વધુ ફરિયાદો આવી હતી.




**અભયમને મળતા કોલમાં સંતાનો દ્વારા મોબાઈલ વળગણ, ટીનએજ લફરા, ખોટી સંગતના કેસ વધવા લાગ્યા**

મોટાભાગના કોલમાં સંતાનો દ્વારા મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગ, સોશ્યલ મિડીયાનું બંધાણ થઈ જવુ, બાળકોની સાથે સતત વાત કરતી રહેવી, અભ્યાસ ન કરવો, પ્રેમ પ્રકરણ અને કયારેક ખરાબ સંગત અંગે પણ માતા-પિતા જયારે પોતે સંતાનને સમજાવવા નિષ્ફળ જાય તો હેલ્પલાઈનની મદદ લેતા થઈ ગયા છે.

હાલમાં જ મોબાઈલના કારણે કૌટુંબિક સમસ્યાઓ વધવા લાગી છે. માતા-પિતાએ ફોન લઈ લેતા અને અભ્યાસની ચિંતા કરવાનું કહેતા એક ટીન એજર છોકરી એ આત્મહત્યા કરી હતી અને હાલમાંજ એક ભાઈ-બહેન વચ્ચે મોબાઈલ મુદે વિવાદ થયો તો બહેને ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું.

મોબાઈલ એ આવેશ વધારી દીધો છે તેમાં હેલ્પલાઈન હવે માનસીક નિષ્ણાંતોને પણ સામેલ કરીને ટીનએજરોને સમજાવવા કોશીશ કરી છે. જો કે અભયમને સૌથી વધુ કેસ તો ડોમેસ્ટીક વાયોલન્સ- ઘરેલુ હીંસાના નોંધાયા.પતિ-પત્ની કે ફેમીલીમાં મહિલાઓ પર થતા અત્યાચારમાં આ હેલ્પલાઈન ખૂબ મદદરૂપ પુરવાર થઈ છે. વ્યક્તિગત તનાવમાં પણ લોકો હેલ્પલાઈનની મદદ લેવા લાગ્યા છે.

# શહેર પોલીસમાં ૧૨ PSI નો વધારો પોલીસ મથક અને બ્રાન્ચમાં નિમણુંક અપાઇ

### મોડ-૩ ની પરીક્ષા પાસ કરી હાજર થયેલા ફોજદારને ચાર્જ સોંપતા પોલીસ કમિશ્નર




રાજકોટ. તા.૧૬

રાજકોટ શહેરમા મોડ-૩ ની પરીક્ષા પાસ કરી હાજર થયેલા એક ડઝન પીએસઆઈને અલગ અલગ પોલીસ મથક અને બ્રાન્ચમાં પોલીસ કમિશનર દ્વારા નિયુક્તિ આપવામાં આવી છે.

રાજકોટ શહેરમા મોડ ૩ ની પરીક્ષા પાસ કરી હાજર થયેલા પીએસઆઇને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા અલગ અલગ પોલીસ મથક અને બ્રાન્ચમાં નિયુક્તિ આપવામાં આવી છે. જેમાં ભમરસિંહ ચૌહાણને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, બિંદુબેન પલ્લાચરીયાને મહિલા પોલીસ સ્ટેશન, મયુરી રામાણીને એ.સી.પી. ટ્રાફિક રીડર, રાજુભાઇ પટેલને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, ધર્મેશભાઈ મહંત અને ભાવેશ ડાંગરને એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મુકાયા છે.

જ્યારે સંદિપ ભાયાણી અને કોમલ વરિયાને સાયબર ક્રાઇમ, પ્રહલાદભાઈ પઢેરીયાને આજીડેમ પોલીસ સ્ટેશન, રૂપેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા (આર.કે.)ને આર્થિક ગુના નિવારણ શાખા, નિલેશસિંહ રાઠોડને યુનિવસિટી પોલીસ સ્ટેશન અને પ્રવિણભાઈ આલને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નિમણૂક આપવામાં આવી છે.

# શિક્ષકો બાદ પોલીસ પર ગાજ, વિદેશ ફરવા ગયેલા ૪ પોલીસકર્મી સસ્પેન્ડ, ૯ સામે તપાસના આદેશ

તાજેતરમાં બનાસકાંઠામાં ચાલુ નોકરીએ વિદેશ પ્રવાસે ઉપડી પડેલા મહિલા શિક્ષક મુદ્દો ચર્ચિત બન્યો હતો. ત્યારબાદ રાજ્યભરમાંથી ચાલુ પ્રવાસે વિદેશ યાત્રાએ ગયેલા શિક્ષકો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવ્યા હતી. ત્યારે હવે ચાલુ નોકરીએ વિદેશ પ્રવાસે જનાર ૪ પોલીસકર્મી વિરૂદ્ધ પોલીસ વડા વિકાસ સહાયે કડક કાર્યવાહી કરી સસ્પેન્ડ કર્યા છે. જ્યારે ૯ પોલીસકર્મી વિરૂદ્ધ ખાતાકીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. વિકાસ સહાયની આ કડક કાર્યવાહીથી પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ગુજરાત પોલીસ બેડામાંથી મોટા સમાચાર સમાચાર સામે આવ્યા છે. જેમાં સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયના રિપોર્ટ બાદ ડી.જી.પી. વિકાસ સહાયે મોટી



કાર્યવાહી કરી છે. જેમાં ચાલુ નોકરીએ વિદેશ પ્રવાસે ઉપડી ગયેલા હેડ કૉન્સ્ટેબલ ફિરોજખાન પઠાણ (બોટાદ), પો.કૉ. હરવિજયસિંહ ચાવડા (અમરેલી) મહિપતસિંહ ચૌહાણ (જામનગર) અને મહેન્દ્રસિંહ દરબાર (જામનગર) ને ડીજીપી વિકાસ સહાયે સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. જ્યારે ૯ પોલીસકર્મી વિરૂદ્ધ ખાતાકીય કાર્યવાહીના આદેશ આપ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૩ પોલીસ કર્મચારીની ગત નવેમ્બરમાં અમદાવાદ શહેરમાંથી જિલ્લામાં બદલી કરાઈ હતી.

અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનોમાં હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ તરીકે કામ કરતાં ૧૩ પોલીસ કર્મચારીઓ પોતે જ્યાં નોકરી કરતાં હોય તે સિવાયના પોલીસ સ્ટેશનોમાં પણ પોલીસ ઈન્સ્પેક્ટરો, એસીપી કે ડીસીપી કક્ષાના અધિકારીઓ માટે કે તેમના નામે ઉઘરાણા કરવાની પ્રવૃત્તિ કરતાં હોવાની ફરિયાદો ડીજીપી અને પોલીસ કમિશનરને મળી હતી. આ અંગે પ્રાથમિક તપાસમાં પોલીસ સ્ટેશન ચલાવવા માટે કરવા પડતાં સત્તાવાર સિવાયના ખર્ચા કાઢવા માટે કાર્યરત રહેતાં પોલીસ કર્મચારી એટલે કે વહીવટદારો મેળાપીપણું રચીને તોડબાજી કરતાં હોવાનું જણાયું હતું.

# મુંબઈ - અમદાવાદ વંદેભારત સ્લીપર ટ્રેનની ટ્રાયલ પૂર્ણઃ ૧૮૦ કીમીની ઝડપે દોડાવાઈ

### આખરી સર્ટીફીકેટ મળ્યા બાદ પ્રવાસી સેવામાં મુકાશે



અમદાવાદ,તા.૧૬

દેશી સૌથી આધુનિક ટ્રેન વંદેભારતના સ્લીપર વર્ઝનની ટ્રાયલ રન મુંબઈ અને અમદાવાદ વચ્ચે સફળતાપુર્વક કરવામાં આવી હતી. અમદાવાદથી સવારે ૭.૨૯ કલાકે રવાના થયેલી ટ્રેન બપોરે ૧.૫૦ વાગ્યે મુંબઈ પહોંચી હતી. મુંબઈથી ફરી બપોરે ૨.૪૫ કલાકે અમદાવાદ માટે રવાના કરવામાં આવી હતી.

રેલવે વિભાગનાં સુત્રોએ કહ્યું કે, ૧૩૦ કિલોમીટરની ગતિએ ટ્રાયલ રન કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસથી ચાલતા ટ્રાયલ રનમાં ૧૮૦ કિલોમીટરની સર્વોચ્ચ ઝડપે પણ દોડાવવામાં આવી હતી.હવે રિસર્ચ ડીઝાઈન એન્ડ સ્ટાર્ન્ડડ ઓર્ગેનાઈઝેશનનું સર્ટીફીકેટ મળ્યા બાદ તે નિયમીત ધોરણે ચલાવવાનો નિર્ણય થશે. રેલવે બોર્ડ દ્વારા રૂટ તથા શિડયુલનો નિર્ણય લેવાશે.

વંદે ભારત સ્લીપરના ટ્રાયલ રન વખતે ૨ જાન્યુઆરીએ કોટા-લબાન વચ્ચે ૩૦ કીમીનાં અંતરમાં ૧૮૦ કીમીની ઝડપે દોડાવવામાં આવી હતી. ૧ જાન્યુઆરીએ ૪૦ કીમીના અંતરમાં પણ ૧૮૦ કીમીની સ્તરે દોડાવાઈ હતી. આ પછી ૧૭૦ કીમીનું ટ્રાયલ રન લેવાયુ હતું.

ટ્રાયલ રન ખતમ થવા સાથે હવે સેફટી કમિશ્નર દ્વારા મહતમ સ્પીડની સમીક્ષા કરાશે. ત્યારબાદ સતાવાર પ્રમાણપત્ર મળ્યા પછી રેગ્યુલર સેવામાં સામેલ કરવામાં આવશે. ૧૬ કોચની વંદે ભારત સ્લીપર ટ્રેનમાં ચાર્જીંગ પોર્ટ, નાસ્તા માટે ફોલોબલ ટેબલ, લાઈટીંગ સિસ્ટમ, લેપટોપ ચાર્જીંગ સ્ટેશન સહીતની આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ફર્સ્ટ એસી કોચમાં ૨૪ સીટ હશે સેકન્ડ એસીમાં ૪૮, થર્ડ એસીમાં ૬૭ સીટ હશે.

# કોપર સ્ક્રેપ પરની ૨.૫૦ ટકા કન્સેશનલ કસ્ટમ ડયૂટી નાબુદ કરવા વિચારણા

મુંબઈઃ આગામી બજેટમાં કોપર સ્ક્રેપ પરની ૨.૫૦ ટકાની કન્સેશનલ બેઝિક કસ્ટમ ડયૂટી નાબુદ કરવા કેન્દ્ર સરકાર વિચારી રહી છે. આ પગલાને કારણે ઘરઆંગણેના એકમોને રાહત થશે એમ ઉદ્યોગના સુત્રો મત ધરાવી રહ્યા છે.

આ અગાઉ દર પાંચ ટકા પરથી ઘટાડી અઢી ટકા કરાયો હતો, હવે આ ડયૂટી સંપર્ણ રીતે નાબુદ કરવા નાણાં મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં કોપર સ્ક્રેપની આયાત ૩૩.૪૨ ટકા વધી રૂપિયા ૧૧૪૭૬.૭૬ કરોડ રહી હતી. આ સમયગાળામાં સૌથી વધુ આયાત સાઉદી અરેબિયા ખાતેથી થઈ હતી. સાઉદીએ ભારત ખાતે રૂપિયા ૨૨૦૮.૪૩ કરોડની નિકાસ કરી હતી. નાણાં વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં ડયૂટી ઘટાડી ૨.૫૦ ટકા કરાઈ હતી. વર્તમાન નાણાં વર્ષ માટેના બજેટમાં લિથિયમ જેવા મહત્વના મિનરલ્સ પરની આવા પ્રકારની ડયૂટી સંપૂર્ણ રીતે નાબુદ કરવામાં આવી હતી.

પાયાના રો મટેરિઅલ સસ્તામાં ઉપલબ્ધ બની રહે તે હેતુ સાથે આ ડયૂટી કાઢી નાખવામાં આવી હતી. જો કે ભારતમાં કોપરને મહત્વના મિનરલ્સ તરીકે વર્ગીકૃત કરાયું નહીં હોવાથી વિવિધ ઉદ્યોગોમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે જેને પરિણામે તેના ભાવમાં વધારો થયો છે.

ઘરઆંગણે વીજ વાહનોના ઉત્પાદનમાં વધારો તથા ઈલેકટ્રોનિક સાધનોના વ્યાપક ઉત્પાદનને કારણે કોપરની માગમાં ઉછાળો આવ્યો છે. કસ્ટમ્સ ડયૂટીમાં રાહત મળશે તો, રિસાયકલિંગની આધુનિક ટેકનોલોજીમાં ઉદ્યોગ ઈન્વેસ્ટમેન્ટ વધારી શકશે જેથી રિસાયકલ કરાયેલા કોપરની કવોલિટીમાં સુધારો જોવા મળશે એમ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા ભક્તિ સંધ્યાનો કાર્યક્રમ યોજાયો










- **ગુજરાતી ફિલ્મનાડાયરેક્ટર મનોજ વિમલ સંગીતના સૂરો રેલાવશે, હીનાબેન કોટડિયા, મયુર ભાઈ કોટક, મુન્નાભાઈ ઠક્કર, મયુરીબેન ભાલારાએ ભક્તોને ભક્તિ સંધ્યાનું રસપાન કરાવ્યુંઃ શ્રોતાઓ ભાવવિભોર**
- **જલારામ બાપાની સંતવાણી, શ્રીનાથજીના ગીતો, ગણપતિ સ્તુતિ, વીરદાદા જશરાજજીના શૌર્યગીતોનું રસપાન કરતા રઘુવંશીઓ**




રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શોર્ય દિન નિમિત્તે તા. ૨૨ને બુધવારે સમસ્ત લોહાણા જ્ઞાતિ ભોજનનુ આયોજન કરવામા આવેલ છે. જેને લઈને રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા ભક્તિ સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતી ફિલ્મનાડાયરેક્ટર મનોજ વિમલ સંગીતના સૂરો રેલાવશે, હીનાબેન કોટડિયા, ચેતન ઠક્કર,મયુર ભાઈ કોટક, મુન્નાભાઈ ઠક્કર, મયુરીબેન ભાલારાએ ભક્તોને ભક્તિ સંધ્યાનું રસપાન કરાવ્યું હતું. જેમાં જલારામ બાપાની સંતવાણી, શ્રીનાથજીના ગીતો, ગણપતિ સ્તુતિ, વીરદાદા જશરાજજીના શૌર્યગીતોનું રઘુવંશીઓએ રસપાન કર્યુ હતુ



# વેલનાથપરા પાસે ડીમોલીશનમાં બેઘર બનેલા ગરીબોને વૈકલ્પિક જગ્યા ન ફાળવાય તો કલેકટરના બંગલા સામે આંદોલન

રાજકોટ,તા.૧૬
શહેરના વેલનાથપરા પાસે મ્યુ.કોર્પોરેશનના ઓપરેશન ડીમોલીશનમાં બેઘર બનેલા અસરગ્રસ્ત ગરીબોને રહેઠાણ માટે વૈકલ્પિક જગ્યા નહીં ફાળવાય તો કલેકટરના બંગલા સામે આંદોલન કરવામાં આવશે તેવી ચેતવણી આ અસરગ્રસ્ત ગરીબોએ આપી હતી.

આ ગરીબ અસરગ્રસ્તો આ અંગે આજે ફરી કલેકટર તંત્રને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી તેમજ આ અસરગ્રસ્તોએ સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસની પણ મુલાકાત લઈ વ્યથા ઠાલવી હતી.

વિજયભાઈ કાનજીભાઈ, સાગરભાઈ વાઘેલા સહિતના અસરગ્રસ્તોએ આ બાબતે જણાવ્યું કે, તેઓ શહેરના મોરબી રોડ પર વેલનાથપરા પાસે રેલ્વે ફાટકના બ્રીજ નીચે નાના ઝુંપડા બાંધી લાઈટ વગર નાના બાળકો સાથે વસવાટ કરી રહ્યા હતા.

પરંતુ થોડા દિવસો પહેલા મ્યુ.કોર્પો. દ્વારા તેઓની ઝુંપડપટ્ટીને હટાવી રસ્તો ખુલ્લો કરેલ છે. જેથી તેઓ બેઘર બનેલ છે. તેઓને વસવાટ માટે વૈકલ્પીક જગ્યા ફાળવવામાં આવે તેવી તેઓએ માંગણી ઉઠાવી હતી. સાથે તેઓએ જણાવ્યું હતું કે તેઓની માંગણી નહીં સંતોષાય તો આંદોલનના મંડાણ કરાશે

# ગેરકાયદેસર કબજો કાયદેસર કરવાના સરકારના વટહુકમ છતા મામલતદારે નોટીસ આપતા અરજદારે કોર્ટના દ્વાર ખખડાવ્યા

- **૧૮ તારીખે કલેક્ટરશ્રી, મામલતદારશ્રીને સીવીલ કોર્ટમાં હાજર રહેવા નોટીસ કરેલ**



રાજકોટ, તા. ૧૭: રૈયા રોડ શ્રીજી પાર્કમાં વર્ષોથી રહેતા જસવંતભાઈ કાનાભાઈ થોળકીયા, રાજેશભાઈ ડાંગર, રમેશભાઈ ધંધુકીયા, ભીપીનભાઈ પુરોષિત, બાબુભાઈ ભરવાડ, નવધુલભાઈ બાંભવા, ભરતભાઈ બાંભવા, નરસંગભાઈ ડાંગર, શારદાબેન બાહુકીયા સહિતના ૧૫ જણા રાજકોટ શહેરમાં પશ્ચિમ મામલતદારે આ તમામ રહેતા હોય તેવોને જગ્યા ખાલી કરવા નોટીસ આપતા આ તમામ મામલતદારના હુકમ સામે નારજ થઈ સીવીલ કોર્ટમાં આ રહેઠાણની જગ્યાઓ મિલક્તોનો કબજો ખાલી કરાવે નહી, બાંધકામ પાડે નહી તે મતલબનો મનાઈ હુકમ માંગતા કોર્ટે ક્લેક્ટરશ્રી રાજકોટ પશ્ચિમ મામલતદાર અને સ્ટેટ ઓફ ગુજરાત ત્રણેને નોટીસ કરી તા. ૧૮/૦૧/૨૫ ના રોજ નામદાર કોર્ટમાં હાજર થવા ફરમાવેલ છે.

આ તમામ વાદીઓને મામલદારે કબજો લેવા નોટીસ કાઢેલ હોય કલેકટરશ્રી, મામલતદારશ્રી પોતાની મિલકતનો કબજો લઈ અને બાંધકામ દુર કરે નહી તે માટે મનાઈ હુકમની માંગલી કરેલ હતી આ કામમાં જસવંતભાઈ કાનાભાઈ થોળકિયા સહિતના ૧૫ વાદીઓ તરફે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપ પટેલ, કલ્પેશ નસીત, નૈમિય જોષી, હિરેનભાઈ રૈયાણી તથા અનિતા રાજવંશી રોકાયેલ છે.

# રાજકોટના પોશ વિસ્તાર રૈયારોડનાં ૨૦ મકાન પર કાલે બુલડોઝર' વાળી!

- **૧૨ કરોડની જમીન પરના ૨૦ ગેરકાયદે મકાન પર ફરી વળશે 'દાદા'નું બુલડોઝર**




રાજકોટ, તા. ૧૭: શહેરના રૈયા રોડ પર આવેલ બાપા સીતારામ ચોકની સામેના ભાગે નજીક મામલતદાર દ્વારા રૈયા ગામની યુએલસી ફાજલ પ્લોટ સર્વે નંબર ૧૫૬ પૈકીની પાંચ હજારના ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી. ત્યારબાદ હવે શનિવારના રોજ અનઅધિકૃત રીતે ખડકાયેલા ૨૦ જેટલા બાંધકામોને તોડી પાડવા માટે મામલતદાર દ્વારા શનિવારના રોજ ડિમોલેશન હાથ ધરાશે. જેમાં અંદાજિત ૧૨ કરોડની ૧૨૦૦ ચોરસ વાર જમીન ખુલી કરવા બુલડોઝર ફેરવી દેવાશે તેમ સુત્રોએ ઉમેર્યુ હતું.

મામલતદાર કચેરીના સૂત્રોમાંથી માહિતી મળતી અનુસાર રૈયા સર્વે નંબર ૧૫૬ પૈકીની પૈકીની આ જમીનમાં ૧૨૦૦ ચોરસ મીટર જમીન ઉપર લાંબા સમયથી ૨૦થી વધુ પાકા મકાનો ઓરડીઓ સહિતના બાંધકામો ગેરકાયદેસર રીતે ખડકાયા છે. જે અન્વયે

તંત્ર દ્વારા આ બાંધકામને તોડી પાડવા માટે ત્રણ વખત નોટિસો ફટકારવામાં આવી હતી, આમ છતાં દબાણ દુર કરાયું નથી, પાંચ જેટલા મકાનો ખાલી થઇ ગયાનું સુત્રો ઉમેરી રહયાં છે. એક મહિના પહેલા જ મહિમ મામલતદાર અજીત જોશી દ્વારા રૈયા રોડ સર્વે નંબર ૧૫૬ પૈકી ૫૦૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

જેમાં ગેરેજ ઓરડીઓ સહિતના વર્ષોથી ગેરકાયદેસર બાંધકામો મામલતદાર દ્વારા દૂર કરવામાં આવ્યા હતા.

હવે ફરી એક વખત મામલતદાર દ્વારા આગામી શનિવારે ૧૨૦૦ જેટલી ચોરસ મીટર જેટલી જમીન ખુલી કરવામાં આવશે.

# ખાખીનો ખોફ ઓસર્યો? રાજકોટ જિલ્લામાં નજીવી બાબતે ૯ હુમલાના બનાવ

## ગ્રામ્યમાં થયેલા ધીંગાણામાં તરુણ, મહિલાઓ સહીત કુલ ૨૮ ઈજાગ્રસ્ત, ૨૩થી વધુ વિરુદ્ધ ગુનો નોંધાયો

રાજકોટ તા.૧૭ઃ રાજકોટ જિલ્લામાં તદ્દન નજીવી બાબતે નવ હુમલાની ઘટના સામે આવી છે. અલગ અલગ નવ હુમલાની ઘટનાના ૨૧ લોકો ઘવાયા છે જયારે ગોંડલ સીટી, ગોંડલ તાલુકા, ભાયાવદર, શાપર વેરાવળ પોલીસમાં કુલ ૨૩ શખ્સો સામે ગુનો નોંધાયો છે. જયારે ગોંડલના મોટા દડવા ગામે બનેલી ઘટનામાં પાંચથી વધુ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી છે.



પ્રથમ બનાવમાં ગોંડલના મોટા દડવા ગામે ઉત્તરાયણ પર્વે પતંગ ચગાવવા બાબતે બે જૂપો વચ્ચે બોલાચાલી અને રકઝક થયાં બાદ ગઈકાલે રાત્રે હુમલો થયાની ઘટના સામે આવી છે. મામલામાં એક જૂથે સશસ્ત્ર હુમલો કરતા પાંચ લોકો ઈજાગ્રસ્ત થયાં છે. જેમને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સમગ્ર મામલે આટકોટ પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલના મોટા દડવા ગામે ઉત્તરાયણ પર્વે બે જૂથ વચ્ચે બોલાચાલી થઇ હતી. જે બાદ ગઈકાલે સાંજે છ વાગ્યાં આસપાસ વિજય કિશોર ચારોલીયા, વિક્રમ ઉર્ફે કાળું કિશોર ચારોલીયા, જગુભાઈ, રામજીભાઈ સહીતના શખ્સો ધારિયું પાઇપ, ચેઇનના ચક્કર લઈને ધસી આવ્યા હતા અને હુમલો કરી દીધો હતો. ત્યારે આ હુમલામાં મયુર દાદુભાઈ સોલંકી (ઉ.વ.૧૪), દિનેશ નરસિંહભાઈ સોલંકી (ઉ.વ.૫૦), વિનુભાઈ દિનેશભાઈ સોલંકી (ઉ.વ.૨૦), નરસિંહભાઈ નારણભાઈ સોલંકી (ઉ.વ.૮૦) અને અરવિંદ દિનેશભાઈ સોલંકી (ઉ.વ ૨૨)ને ઈજાઓ પહોંચી હતી. હુમાખોરોએ સશસ્ત્ર હુમલો કરતા આખા ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હતો.

ગોંડલ સીટી પોલીસમાં ઠાકુરભાઈ દિત્યાભાઈ સીંગાડ(ઉ.વ. ૨૪)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઉત્તરાયણના રોજ બપોરે એક વાગ્યા આસપાસ હું તથા મારો ભત્રીજી સાગર, મારો નાનો ભાઈ કૈલાશ એમ અમે ત્રણેય ગોંડલ ખરીદી કરવા માટે આવેલ હતા અને ગોંડલ માંડવી ચોકમાં પહોંચ્યા હતા ત્યારે અમારા સંબંધી કમલેશ નીનામા ભેગા થયેલ અને બાદ અમે ચારેય જણા ગોંડલ કડીયા લાઈન બાજુ ખરીદી કરવા નિકળેલ હતા. જ્યાં રાદડીયા ડ્રાયફ્રુટ દુકાન પાસે પહોંચતા એક મોટર સાયકલ ડબલ સવારીમાં આવેલ અને મોટર સાયકલ કમલેશ સાથે ભટકાવેલ હતું. જેથી મારા ભાઈ કૈલાશે મોટરસાયકલ ચાલકને જોઈને ચલાવવાનું કહેતા બને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગેલ હતા. બાદમાં એક શખ્સ નેફામાંથી છરી કાઢી કપાળના ભાગે ઘા ઝીંક્યો હતો. ત્યારબાદ ભત્રીજા સાગરને પેટના ભાગે છરીનો ઘા પેટમાં ઝીંકી દીધો હતો. ઉપરાંત વધુ એક છરીનો ઘા કૈલાશભાઈને જમણા હાથની કોણીના ભાગે ઝીકી દીધો હતો. બાદમાં બને શખ્સો નાસી જતાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડી બંને અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ગોંડલ તાલુકા પોલીસમાં વલ્લભભાઈ જાદવભાઈ ધોળકિયા (ઉ.વ-૩૮)એ નોંધાવેલી ફરિયાદમાં અતુલ મગન પરમાર, નરેશ છગનભાઈ પરમાર, અજય હરસુખ મકવાણા અને પિયુષ મુકેશ જિંજરીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ઉત્તરાયણના દિવસે સવારે અગિયાર વાગ્યા આસપાસ હું મારૂ મોટરસાયકલ નંબર જીજે-૦૩-ઈએફ-૫૧૭૪ લઈને નાસતો લેવા ગયો હતો અને નાસતો લઈને પરત યુનિટી સિમેન્ટના મેન ગેટ પાસે પહોંચતા મોટર સાયકલના પાછળના ભાગે એક બ્લેક કલરની હોન્ડા કંપનીની એમેઝ કારે ટક્કર મારી હતી. ટક્કરના લીધે મેં રાડ પાડતા કારમાથી અતુલ નીચે ઉતર્યો હતો અને બોલાચાલી કરવા લાગ્યો હતો. તેની સાથે નરેશ, અજય હાથમા લાકડાનો ધોકો અને લોખંડનો પાઈપ લઈને નીચે ઉતર્યા હતા અને મને માર મારવા લાગ્યા હતા. દરમિયાન પિયુષ નામના શખ્સે ઢીંકાપાટુનો માર માર્યો હતો. મારામારી દરમિયાન નરેશ બોલતો હોય કે તે મારી બહેન સાથે મૈત્રી કરાર કરેલા હતા એટલે તને માર માર્યો છે. બાદમાં હુમલાના પગલે લોકો એકત્રિત થઈ જતાં હુમલાખોરો નાસી ગયાં હતા અને ત્યારબાદ મને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં મારા બને પગ અને ડાબા હાથમા ફ્રેક્ચર થયાનું જાણવા મળ્યું હતું.

# સતત બીજા મહિને દેશની નિકાસ એક ટકા ઘટી ૩૮.૦૧ અબજ ડોલર

નવી દિલ્હી અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ઈતિહાસની સૌથી નીચી સપાટીએ ગબડી રહ્યો છે ત્યારે ડિસેમ્બર મહિનામાં ભારતની નિકાસ પણ વાર્ષિક ધોરણે ઘટી હોવાના અહેવાલ મળી રહ્યા છે. સતત બીજા મહિને ભારતની નિકાસ ઘટેલી નોંધાઈ છે. ડિસેમ્બર ૨૦૨૪માં ભારતની નિકાસ ૩૮.૦૧ અબજ ડોલર રહી છે જે ૨૦૨૩ની સરખામણીએ એક ટકો ઘટી છે. નવેમ્બર મહિનામાં નિકાસ ૪.૮૫ ટકા ઘટી હતી. ડિસેમ્બર આયાત પાંચ ટકા વધી ૫૯.૯૫ અબજ ડોલર ડોલર નોંધાઈ છે. ડિસેમ્બર મહિનામાં વ્યાપાર ખાધ (આયાત



સામે નિકાસ) ૨૧.૯૪ અબજ ડોલર રહી છે.

એપ્રિલથી ડિસેમ્બરના નવ મહિનાના ગાળામાં ભારતની નિકાસ માત્ર ૧.૬ ટકા વધી ૩૨૧.૭૧ અબજ ડોલર અને આયાત ૫.૧૫ ટકા વધી ૫૩૨.૪૮ અબજ ડોલર રહી છે. આમ, નવ મહિના માટે ખાધ ૨૧૦.૭૭ અબજ ડોલર રહી છે જે આગલા વર્ષે માત્ર ૧૮૯.૭૪ અબજ ડોલર હતી. ડિસેમ્બર મહિનામાં પેટ્રોલીયમ પેદાશોની નિકાસ ૨૮.૬૨ ટકા ઘટી ૪.૯૧ અબજ ડોલર રહી છે જયારે નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં નિકાસ ૨૦.૮૪ ટકા ઘટી છે. આ ઉપરાંત, જેમ્સ એન્ડ જ્વેલરી, કેમિકલ્સ જેવી ચીજોની નિકાસ પણ આ મહિનામાં ઘટેલી જોવા મળી છે. જોકે, ટેક્સટાઈલ્સ, ઈલેક્ટ્રોનીક્સ, ચોખા જેવી ચીજોની નિકાસમાં વૃદ્ધિ જોવા મળી છે. વાણિજ્ય સચિવ સુનીલ ભરથવાલે જણાવ્યું હતું કે અન્ય દેશોની સરખામણીએ ભારતની નિકાસ વધારે મજબૂત જોવા મળી રહી છે. પેટ્રોલીયમ પેદાશો સિવાયની નિકાસમાં સ્થિતિ ઘણી વધારે સારી હોવાની એમણે વાત કરી હતી. વૈશ્વિક પરિબળોના કારણે ભારતીય નિકાસ ઉપર સંકટના વાદળો ઘેરાયેલા છે ત્યારે વાણિજ્ય મંત્રાલયે મિશન ૨૦ નામનો કાર્યક્રમ ચાલુ કરી નિકાસ ઉપર જોર મુકવા અભિયાન શરૂ કર્યું છે. આ ૨૦ દેશો ભારતની કુલ નિકાસમાં ૬૦ ટકા હિસ્સો ધરાવે છે. બીજી તરફ, સોમવારે ડોલર સામે રૂપિયો ૮૬.૭૦ની સર્વકાલીન નીચી સપાટીએ પટકાયો હતો. ભારતીય ચલણના મૂલ્યમાં ઘટાડો થાય તેનાથી નિકાસકારોને ફાયદો થાય છે ત્યારે આયાત મોંઘી પડે છે.

# ધોરાજી પંચનાથ મહાદેવ મંદિરના મહામંડલેશ્વર સ્વામીશ્રી શ્રદ્ધાનંદ ગિરીજી મહારાજ દ્વારા પ્રયાગ કુંભમેળામાં શાહી સ્નાનની સવારી સાથે સ્નાન કર્યું

- **નાગાબાવાની રવેડીમાં શ્રી પંચ દશનામ આહવાન અખાડાના સાધુ સંતો સાથે જોડાયા**

ધોરાજી, તા. ૧૭: ધોરાજી પંચનાથ મહાદેવ મંદિર ના મહામંડલેશ્વર સ્વામી શ્રદ્ધાનંદ ગિરીજી મહારાજ દ્વારા પ્રયાગ કુંભમેળામાં શાહી સ્નાનની સવારી સાથે સ્નાન કર્યું


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજીના પ્રાચીન ગણાતા શ્રી પંચનાથ મહાદેવ મંદિર ના મહંત શ્રી મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી શ્રદ્ધાનંદ ગિરીજી મહારાજ ધોરાજી થી પ્રયાગ મહાકુંભ મેળામાં શ્રી પંચ દશનામ આહવાન અખાડા નેજા હેઠળ બે મહિના સુધી કુંભના મેળામાં આયોજન કરવામાં આવ્યું છે ત્યારે પ્રયાગ મહાકુંભ મેળામાં સમગ્ર વિશ્વભરમાંથી સાધુ સંતો અને શ્રદ્ધાળુ ઉમટી પડ્યા છે ત્યારે પ્રયાગ કુંભનો ૧૪૪ વર્ષ બાદ આ અવસર પ્રાપ્ત થયો છે ત્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાતનું ગૌરવ વધારતા ધોરાજીના શ્રી પંચનાથ મહાદેવ મંદિરના મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી શ્રદ્ધાનંદગીરીજી મહારાજ સાથે નાગાબાવા સંન્યાસીઓ આચાર્યશ્રીઓ તેમજ આહવાન અખાડાના પીઠાધીશ્વર આચાર્ય સ્વામી મહામંડલેશ્વર અરુણગીરીજી મહારાજ તથા સંતો મહંતો અને ભાવિક ભક્તજનો જેમાં અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના રાષ્ટ્રીય અગ્રણી કિશોરભાઈ રાઠોડ ગરીયાધર ના હકુભા ગોહિલ સાથે વિશાળ નાગાબાવા ની રવેડી સાથે ગંગાના પાવન ઘાટ ઉપર વિશાળ શોભાયાત્રા સાથે હર હર ગંગેના નાદ સાથે શાહી સ્નાન કરવામાં આવેલું હતું. આ પ્રસંગે મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ સ્વામી શ્રદ્ધાનંદ ગિરીજી મહારાજ એ જણાવેલ કે સમગ્ર ભારતની અંદર પ્રયાગરાજ નો કુંભ મેળો ખૂબ જ પ્રસિદ્ધ પામ્યો છે ત્યારે ૧૪૪ વર્ષે મહાકુંભ ના અમૃત નો મહિમા ખૂબ જ અનેરો છે અને આ સમયે જે સ્નાન કરે તેમની તમામ મનોકામના પૂર્ણ થાય છે

આ સાથે અનેક મહિમાઓ પણ કુંભની સાથે જોડાયેલા છે ત્યારે અખાડાના શાહી સ્નાન બાદ લોકો પણ મોટી સંખ્યામાં એટલે કે કરોડોની સંખ્યામાં લોકો શાહી સ્નાન કરવા પધારે છે અને વિશ્વભરના લોકો અને વિદેશી લોકો પણ એટલી જ મોટી સંખ્યામાં પધારે છે ત્યારે ગૌરવની વાત એ છે કે આટલી મોટી જન સંખ્યા ની વચ્ચે પણ ઉત્તર પ્રદેશની સરકારના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી અને એમની ટીમ દ્વારા શાહી સ્નાનના કુંભમેળામાં બે મહિના સુધી જે સેવા આપવાના છે અને હાલમાં સેવા આપી રહ્યા છે તે ખૂબ જ અભિનંદનને પાત્ર છે આટલી સુવિધા ક્યારેય અમે કોઈ કુંભમાં જોઈ નથી એટલે સુવિધા આ વખતે આપી છે કોઈ લોકોને સાધુ-સંતોને કે આમ જનતાને તકલીફ ન પડે તેવી વ્યવસ્થા કરી છે તે બદલ પ્રશાસનનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# મનપાના ૪૮ વર્ષ જૂના ૬ નિયમ બદલાયા, સભાના એજન્ડા વોટ્સએપથી પણ અપાશે

- **૧૯૭૫ બાદ પ્રથમ વખત નિયમોમાં આવ્યું પરિવર્તન જેને સરકારની પણ મંજૂરી**
- **બોર્ડમાં હવે ૪ને બદલે ૮ માર્શલની સત્તાવાર નિમણૂક મેયર કરી શકશે**




રાજકોટ, તા. ૧૭: મહાનગરપાલિકાની સ્થાપના બાદ તુરંત જ ૧૯૭૫માં જનરલ બોર્ડ, સમિતિઓના નિયમ બનાવાયા હતા અને ૧૯૭૬માં સરકારે મંજૂરી આપ્યા બાદ અમલમાં આવ્યા હતા. ત્યારથી અત્યાર સુધી તેમાં કોઇ પરિવર્તન આવ્યું ન હતું. સમય બદલાતા હવે તે નિયમો જૂના થઈ ગયા હોવાથી તેમજ અમુક નિયમો જેમ કે રોજકામ જોવા માટે કલાકના પચાસ પૈસા ફી જેવા નિયમોને બદલવા માટે ૨૧-૦૬-૨૦૨૪ની સ્ટેન્ડિંગ કમિટી અને તા. ૧૮-૦૭-૨૦૨૪ના જનરલ બોર્ડમાં ઠરાવ કરાયો હતો. બાદમાં મંજૂરી માટે ઠરાવ સરકારમાં મોકલાયો હતો. ૬ નિયમના પરિવર્તનને મંજૂરી આપીને ગેઝેટમાં પ્રસિદ્ધ કરાવાતા હવે નવા નિયમો અમલમાં આવ્યા છે.

જૂના નિયમમાં જોગવાઈ હતી કે, ખાસ સમિતિની કાર્યવાહી નોંધની રોજકામની બુક જોવી હોય તો પ્રતિ કલાક પચાસ પૈસા ચાર્જ હતો જેને હવે ૧૦૦ રૂપિયા પ્રતિ કલાક કરી દેવાયો છે. જનરલ બોર્ડમાં આવતા પ્રેક્ષકો માટે પણ હવે પાસ સિસ્ટમને બદલે પ્રેક્ષકના નામ સરનામાની વિગતો નોંધીને ઓળખકાર્ડ સાથે પ્રવેશ અપાશે. આ ઉપરાંત પ્રેક્ષકો ઓડિયો વીડિયો રેકોર્ડિંગ ડિવાઈસ, ફોન, બેનર, હોર્ડિંગ, નેઈલકટર સહિતની વસ્તુઓ પણ લઈ જઈ શકશે નહીં. પહેલા જો મેયર કે ડેપ્યુટી મેયર ગેરહાજર હોય તો તેવા કિસ્સામાં સભા નિમણૂક કરે તેને જનરલ બોર્ડનું અધ્યક્ષ સ્થાન અપાતું જોકે હવે તે બંનેની ગેરહાજરીમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અધ્યક્ષ તરીકે રહેશે. સૌથી મહત્ત્વના નિયમમાં એજન્ડા મોકલવાનો છે. જે તે સમયે સુવિધા હતી તે મુજબ પોસ્ટ કે કુરિયર મારફત એજન્ડા મોકલવાની જોગવાઈ હતી જેમાં પરિવર્તન કરીને હવે વોટ્સએપ અને ઈ-મેલ મારફત પણ એજન્ડા મોકલવાનો વિકલ્પ અપાયો છે. આ કારણે દરેક વ્યક્તિને એજન્ડા સમયસર મળી શકશે. જ્યારે બોર્ડમાં માર્શલ તરીકે ફરજ નિભાવવા પહેલાં ફાયર શાખા કે સુરક્ષા શાખામાંથી ચાર માર્શલની નિમણૂક કરાતી હતી જોકે હવે તેમાં સુધારો કરી છ પુરુષ અને બે મહિલા સહિત ૮ માર્શલની મેયર નિમણૂક કરી શકશે.

# વસંતપંચમીએ તિથિનો ક્ષય હોવાથી લગ્નનું મુહૂર્ત જ નથી, ૬ માર્ચથી હોળાષ્ટક બેસી જશે

## ધનારક કમુરતાં પૂરા, ફેબ્રુઆરી અને મે માસમાં શુભકાર્યના સૌથી વધુ મુહૂર્ત



મકરસંક્રાંતિએ ધનારક કમુરતાં પૂરા થયા છે. આ સાથે જ લગ્નના મુહૂર્ત આવતા શરણાઈ ગુંજી ઊઠી છે અને ઢોલ ઢબૂકી ઉઠ્યા છે. ૩ માર્ચ સુધી લગ્ન મુહૂર્ત છે, પરંતુ ૬ માર્ચથી હોળાષ્ટકનો પ્રારંભ થઈ જશે ત્યારબાદ ૯ દિવસ સુધી ધનારક કમુરતાં રહેશે. ધનારક કમુરતાં પૂર્ણ થયા બાદ ફરી લગ્ન મુહૂર્ત શરૂ થશે. જાન્યુઆરીથી લઈને મે માસ સુધીમાં સૌથી વધુ લગ્ન મુહૂર્ત ફેબ્રુઆરી અને મે માસમાં છે. આ વખતે વસંતપંચમીએ પાંચમ તિથિનો ક્ષય હોવાને કારણે લગ્નનું મુહૂર્ત નથી. તેમ શાસ્ત્રી રાજદીપ જોશી જણાવે છે.

વધુમાં તેના જણાવ્યાનુસાર હોળાષ્ટકનો પ્રારંભ ૬ માર્ચે થશે અને ૧૪ માર્ચના રોજ પૂરા થશે. ત્યારબાદ ૧૪ માર્ચે મિનારક કમુરતાં શરૂ થશે અને ૧૪ એપ્રિલના રોજ પૂરા થશે.

આથી, આ સમયગાળામાં એક પણ લગ્ન મુહૂર્ત નથી. આ વખતે ૧૪ એપ્રિલના રોજ વહેલી સવારે જ મિનારક કમુરતાં પૂર્ણ થઈ જતા હોવાથી આ દિવસે લગ્નનું મુહૂર્ત છે. ૧૨ જૂનથી ૭ જુલાઈ સુધી ગુરુ ગ્રહનો અસ્ત હોવાથી ગુરુ ગ્રહના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી. ૬ જુલાઈ ૨૦૨૫ના દિવસે દેવપોઢી એકાદશી છે. દેવપોઢી ગયા લગ્નના મુહૂર્તો હોતા નથી. દેવઊઠી એકાદશીથી લગ્ન મુહૂર્તનો પ્રારંભ થશે. આ વર્ષે ૩૦ એપ્રિલના રોજ અખાત્રીજ છે. અખાત્રીજ વણજોયું મુહૂર્ત હોવાને કારણે આ દિવસ લગ્ન અને શુભ કાર્યો માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

૧૨ જૂનથી તા.૭ જુલાઈ સુધી ગુરુ ગ્રહનો અસ્ત છે. ગુરુ ગ્રહના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી. ૬ જુલાઈ ૨૦૨૫ના દિવસે દેવપોઢી એકાદશી છે. આમ દેવપોઢી જાય એટલે લગ્નના મુહૂર્તો હોતા નથી. ૩૦ એપ્રિલના દિવસે અખાત્રીજનું વણજોયું મુહૂર્ત છે. આ દિવસ લગ્ન, શુભકાર્યો, ગૃહપ્રવેશ અને સોના-ચાંદીની ખરીદી માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દેવઊઠી એકાદશી બાદ લગ્નસરાની સિઝન શરૂ થશે.

ફેબ્રુઆરી અને મે માસમાં લગ્ન સિઝન હોવાને કારણે અત્યારથી સમાજની વાડી, હોલ વગેરેનું બુકિંગ થઈ ગયું છે. બીજી બાજુ લગ્ન સિઝન શરૂ થતા ફૂલથી લઈને સોની બજારમાં ખરીદી નીકળી છે. જેને કારણે બજારમાં રોનક દેખાઈ રહી છે. તેમજ વેપારીઓ સારા વેપારની આશા સેવી રહ્યા છે.

### માસ પ્રમાણે લગ્ન મુહૂર્ત

**જાન્યુઆરીઃ** ૧૯, ૨૧, ૨૨, ૨૪, ૨૬ અને ૩૦

**ફેબ્રુઆરીઃ** ૩, ૪, ૬, ૭, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૫

**માર્ચઃ** ૨ અને ૩

**એપ્રિલ :** ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૯, ૩૦

**મેઃ** ૧, ૫, ૬, ૮, ૯, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૩ અને ૨૪

**જૂન :** ૧, ૨, ૫, અને ૬

# રાજકોટ મધ્યસ્થ જેલમાં EDના ધામાઃ લાંચિયા TPO મનસુખ સાગઠિયાની પૂછપરછ હાથ ધરાઈ

## ■ તપાસમાં કડાકાભડાકા થવાનાં એંધાણ

રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડની ગોઝારી દુર્ઘટના બાદ રાજકોટ મનપાના તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા સહિત મહાનગરપાલિકાના આઠ કર્મચારી વિરુદ્ધ ફોજદારી પગલાં લેવામાં આવ્યાં હતાં. દરમિયાન સાગઠિયા પાસે અપ્રમાણસર મિલકત મળી આવતાં એસીબીમાં અલગથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં એસીબીની તપાસ પૂર્ણ થતાંની સાથે જ સાગઠિયા સામે હવે કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ની એન્ટ્રી થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને ગઈકાલથી રાજકોટ આવેલી ઈડીની ટીમ દ્વારા રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મનસુખ સાગઠિયાની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ મામલો સામે આવતાં એક ચર્ચા એવી પણ થઈ રહી છે કે આખા મામલાની તપાસમાં ઈડીએ ઝુકાવતાં ફક્ત સાગઠિયા નહિ, પણ કડકડતી ઠંડીમાં વહીવટદારોથી માંડી અનેક રાજકારણીઓને પણ પરસેવો વળી ગયો છે અને અનેકની ઊંઘ હરામ થઈ ગઈ છે.



રાજકોટના નાના મવા રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોન ખાતે ૨૫ મે ૨૦૨૪ના રોજ થયેલી અગ્નિકાંડ દુર્ઘટનામાં બાળકો, મહિલાઓ સહિત કુલ ૨૭ નિર્દોષ લોકો જીવતા ભૂંજાયા હતા. જીવતા ભડથું થયેલા લોકોની મરણચીસોથી રાજકોટ જ નહિ, પરંતુ આખું રાજ્ય ધ્રૂજી ઊઠ્યું હતું અને ગુજરાત આખું હીબકે ચડ્યું હતું. મામલામાં હાઈકોર્ટે તાત્કાલિક સુઓમોટો લીધો હતો, જ્યારે બીજી બાજુ રાજ્ય સરકારે સિનિયર આઈપીએસ સુભાષ ત્રિવેદીની આગેવાનીમાં એસઆઈટીની રચના કરી હતી. મામલામાં એસઆઈટીએ તપાસ કરતાં તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા, ચીફ ફાયર ઓફિસર આઈ વી ખેર, ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખા ઠેબા સહિત મહાનગરપાલિકાના આઠ કર્મચારીને આરોપી બનાવી ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

મનસુખ સાગઠિયા પાસે અપ્રમાણસર મિલકત હોવાની ખરી માહિતી મળતાં તપાસનો ધમધમાટ શરૂ થયો હતો અને એસીબીની એન્ટ્રી થઈ હતી. એ બાદ સાગઠિયા પાસેથી રૂ.૨૮ કરોડની મિલકત મળી આવતાં એસીબીમાં અલગથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં મિલકત ટાંચ લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી બાદ કદાચ સાગઠિયાએ હાશકારો અનુભવી લીધો હતો, પણ એવામાં જ ઈડીની એન્ટ્રી થઈ હતી અને ફરી સાગઠિયાની મુશ્કેલીમાં વધારો થયો હતો. ઈડીએ કોર્ટ રાહે સાગઠિયાની પૂછપરછ માટે પરવાનગી માગી હતી અને કોર્ટે આ પરવાનગી મંજૂર કરતાં ઈડીની ટીમે રાજકોટમાં ગઈકાલથી ધામા નાખ્યા હતા. ઈડીના ડિરેક્ટર સહિત કુલ ત્રણ લોકોની ટીમ સાથે રાજકોટ મધ્યસ્થ જેલમાં ગઈકાલથી સાગઠિયાની આકરી પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે સવારે ૧૦ વાગ્યાંથી સાગઠિયાની ઈડીએ પૂછપરછ શરૂ કરી હતી. પૂછપરછ કાલે મોડી સાંજ સુધી ચાલી હતી. આખા દિવસમાં ફક્ત બપોરે એક કલાકનો જમવા માટે જ ઈડીએ સાગઠિયાને બ્રેક આપ્યો હતો. એ સિવાય સતત સવાલોનો મારો ચલાવવામાં આવ્યો હતો. એ જ રીતે આજે બીજા દિવસે પણ સવારથી તેની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય તપાસ એજન્સીએ તપાસમાં ઝુકાવતાં સાગઠિયા તો ઠીક, વહીવટના મૂળમાં રહેલા અનેક વહીવટદારો અને રાજકારણીઓને પણ કડકડતી ઠંડીમાં પરસેવો છૂટ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.


સાગઠિયાની પૂછપરછ માટે આવેલી ઈડીની ટીમે ઈન્ટ્રોગેશન માટે વેઈટિંગ રૂમ પસંદ કર્યો હતો. નાયબ જેલ અધીક્ષકની કચેરીની બાજુમાં આવેલા મુલાકાતીઓનો વેઈટિંગ રૂમ તપાસનું એપીસેન્ટર બન્યું છે. ઈડીની ટીમે સાગઠિયાની આકરી પૂછપરછ હાથ ધરી છે, જેમાં એક નહિ, પણ અનેક મોરચે પૂછપરછનો ધમધમાટ ચાલી રહ્યો છે. સાગઠિયાની મિલકતથી માંડી ભ્રષ્ટાચારના મૂળમાં રહેલા વહીવટદારો અને રાજકીય માથાંનું પીઠબળ છે કે કેમ એ દિશામાં પણ પણ ઈડી તપાસ કરી રહી છે.

# લાપીનોઝના પિત્ઝામાં મૃત વંદાનો વિડીયો વાયરલ

## જાગૃત ગ્રાહકે ફરિયાદ કરીઃ આરોગ્ય વિભાગે અખાદ્ય માલનો નાશ કરી નોટીસ ફટકારી

રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેરમાં થોડા દિવસો પહેલા ૧૫૦ ફુટ રોડના પિત્ઝા પાર્લરમાં પિત્ઝામાંથી મળેલો વંદો નીકળ્યાની ફરિયાદ ગ્રાહકે કર્યા બાદ મહાપાલિકાની ફૂડ શાખાએ ચકાસણી કરી હતી. આ જગ્યાએ રસોડા સહિતની જગ્યામાં તપાસ કર્યા બાદ હાઈજેનિક કંડીશન જાળવવાની નોટીસ આપવા સાથે કેટલાક ફૂડનો નાશ પણ કરવામાં આવ્યાનું આરોગ્ય શાખાએ જણાવ્યું હતું.



સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા કિસ્સાની વિગત મુજબ રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા લાપીનોઝ પિત્ઝામાંથી મૃત વંદો નીકળ્યો હતો. દીલીપભાઈ ટાંક નામના વ્યકિત પરિવાર સાથે લાપીનોઝ પાર્લરમાં પિત્ઝા ખાવા ગયા હતા.

તેમણે પરિવાર માટે પિત્ઝા ઓર્ડર કર્યા હતા. જો કે પિત્ઝા જ્યારે તૈયાર થઈને ટેબલ પર આવ્યા તો આ જોઈને પરિવાર દંગ રહી ગયો કારણ કે પિત્ઝાના ગાર્નિશિંગ સાથે તેમાં મરેલો વંદો પણ જોવા મળ્યો હતો. આ બાદ ગ્રાહકે લાપીનોઝ પિત્ઝાના રેસ્ટોરન્ટના માલિકને ફરિયાદ પણ કરી હતી. કસ્ટમરે આ ઘટનાના પુરાવા માટે તેમણે પિત્ઝાનો વીડિયો પણ રેકોર્ડ કર્યો હતો. આ વીડિયો ખૂબ વાયરલ થયો છે.

શહેરમાં અગાઉ પણ પિત્ઝા સહિતની અનેક બહારની વસ્તુઓમાં આવી જીવાતો નીકળતી હોવાની અનેક ઘટનાઓ સામે આવી ચૂકી છે તેમ છતાં આવી ઘટનાઓ અવારનવાર બને છે. લોકો ફરિયાદ કરતા ન હોય તેવા પણ અનેક કિસ્સા હોઈ શકે છે. આવી બેદરકારી બદલ આરોગ્ય વિભાગ ચકાસણી કરે છે. પરંતુ વધુ અને દાખલારૂપ પગલા લેવાની જરૂર હોવાનો પણ મત છે.

# ૧૮ વર્ષ જૂના તોડફોડના કેસમાં ધારાસભ્ય ઉદય કાનગડને રાહત

## વર્ષ ૨૦૦૬માં રાજકોટ મનપા કમિશનરની કચેરીમાં થયેલી તોડફોડ મામલે તત્કાલીન ૨૪ કોર્પોરેટર સામે ગુનો નોંધાયો હતો

રાજકોટઃ રાજકોટ સહીત આખા રાજ્યમાં ચકચારી બનેલા કેસમાં ૧૮ વર્ષે પૂર્વ કોર્પોરેટર અને હાલના ધારાસભ્ય ઉદય કાનગડ સહીત તમામ ૨૪ કોર્પોરેટરોને નિર્દોષ છોડી દેવા હુકમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે. ૧૯ એપ્રિલ ૨૦૦૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલીન કમિશનર મુકેશ કુમારની ચેમ્બરમાં ઘુસી તોડફોડ કરી ફરજમાં રુકાવટ કરવા અંગે હાલના ધારાસભ્ય ઉદય કાનગડ સહીત ૨૪ કોર્પોરેટર સામે ફરિયાદ નોંધવામાં આવી હતી જેમાં ચીફ વીજીલન્સ અધીકારી, ડે.કમિશ્નર, મ્યુ.કમિશ્નર સહીતના અધીકારીએ આપી હતી જુબાની લીધા બાદ કેસમાં આરોપીઓ સામે પુરાવા સાબિત ન થતા કોર્ટ દ્વારા તમામને નિર્દોષ છોડી દેવા હુકમ કર્યો છે.



રાજકોટ શહેર અને સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા રાજકોટ મ્યુ. કોર્પોરેશનના તત્કાલીન કમિશ્નર મુકેશકુમાર ઉપર રાજકોટના ૨૪ કોર્પોરેટરો દ્વારા કમિશ્નરની ચેમ્બરમાં સીકયુરીટી ગાર્ડ તેમજ પોલીસ કર્મચારીઓની રૂબરૂમાં કમીશ્નર ઉપર હુમલો કરી કચેરીમાં તોડફોડ કરવાની ઘટનાની પોલીસ ફરીયાદ ચીફ વીજીલન્સ અધીકારી રતન કાનજીભાઈ મહેશ્વરીએ નોંધાયેલ હતી.

ચીફ વીજીલન્સ ઓફીસર રતન કાનજીભાઈ મહેશ્વરીએ એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમા તેઓની ફરીયાદ નોંધાવેલ જેમા આરોપી તરીકે મેયર સહીતના પદાધીકારી સામે ફરીયાદ કરેલ અને પોલીસમાં કોર્પોરેટર ઉદયભાઈ કાનગડ, કમલેશભાઈ મીરાણી, કશ્યપભાઈ શુકલ, ગંભીરસિંહ પરમાર, નરેન્દ્રભાઈ ડવ, નરેન્દ્રભાઈ સોલંકી, હરીભાઈ ડાંગર, લાલુભાઈ પારેખ, વલ્લભભાઈ દુધાત્રા, જયશ્રીબેન પરમાર, દેવરાજભાઈ મકવાણા, અતુલભાઈ પંડીત, નીતીનભાઈ ભારદવાજ, મનસુખભાઈ પટેલ, અમીતભાઈ ભોરણીયા, ભાવનાબેન વ્યાસ, જૈમનભાઈ ઉપાધ્યાય, દમયંતીબેન રાઠોડ, જેરામભાઈ વાડોલીયા, જેસંગભાઈ દેશાભાઈ ડાંગર (જે.ડી.ડાંગર), અનીલભાઈ રાઠોડ, કીરીટસિંહ ડોડીયા, અનીલભાઈ મકવાણા સહીતના ૨૨ કોર્પોરેટરો તેમજ પદાધીકારીઓ સામે ફરીયાદ નોંધાવેલ હતી.

ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ કે મ્યુ.કમીશ્નરની ચેમ્બર બહારની લોખંડની ગ્રીલ બંધ કરેલ હોય તે આ તમામ કોર્પોરેટરોએ તોડી નાખેલ હતી અને ઓફીસના ફર્નીચર, ખુરશી, પાર્ટીશન, મ્યુ.કમીશ્નરના નામનું બોર્ડ તોડી સીધા મ્યુ. કમીશ્નર મુકેશકુમારની ચેમ્બરમાં ધુસી ગયેલ અને કમીશ્નર સાહેબ ઉપર હુમલો કરેલ અને કમીશ્નરના ચશ્મા ટેબલ ઉપરથી ધા કરેલ અને ખુરશી તથા લાઠી ઉગામી મારવાની કોશીષ કરેલ હતી જે સમગ્ર ધટનાક્રમમાં પોલીસ સ્ટાફને પણ નાની મોટી ઈજા થયેલ હતી.

વધુમાં ફરીયાદીએ જણાવેલ હતુ કે, મ્યુ.કમીશ્નરના લેપટોપ કોમ્પ્યુટરને પણ નુકશાન પહોંચાડવામાં આવેલ હતુ અને ટેબલ ખુરશી વગેરેને નુકશાન કરવામાં આવેલ હતુ. આ સમયે પોલીસે તમામ કોર્પોરેટરોને બળ વાપરીને બહાર કાઢેલ હતા અને આજુબાજુની ઓફીસમાં પણ આ કોર્પોરેટરોના ટોળાએ નુકશાન કરેલ હતુ જેમા પબ્લીક પ્રોપર્ટીને કુલ સવા લાખનું નુકશાન થયેલ હતું. હાલની ફરીયાદમાં આ બનાવ બનવાનું કારણ ફરીયાદીએ જણાવેલ હતુ કે, કોર્પોરેશનની માલીકીના પ્લોટમાંથી દબાણ દુર કરવા અંગે તમામ કોર્પોરેટરો કમિશ્નરને રજુઆત કરવા જતા કમિશ્નરે પોતાની ઓફીસનો દરવાજો બંધ કરી આગળ લોખંડની જાળી ટેકવી દીધેલ હતી જેથી તમામ કોર્પોરેટરો નારાજ થઈ કોર્પોરેટરો અને કાર્યકરોએ કચેરીમાં તોડફોડ કરી તોફાન કરેલ હતુ.

આ સમગ્ર બનાવ બાદ તમામ કોર્પોરેટરો વિરૂધ્ધ ચીફ વીજીલન્સ ઓફીસર માહેશ્વરીએ ફરીયાદ કરતા તપાસ કરનાર પી.એસ.આઈ. એસ.સી.દવે તમામની ધરપકડ કરી તપાસ હાજર ધરેલ હતી. જે તપાસના અંતે તમામ સામે આ બનાવનું ચાર્જશીટ રજુ કરેલ હતુ. ત્યારબાદ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદી મહેશ્વરી, પી.એસ.આઈ. બરોલીયા, ડે.કમીશ્નર પી.પી.વ્યાસ, મ્યુ.કમીશ્નર મુકેશ કુમાર, તપાસ કરનાર સીનીયર પી.એસ.આઈ. એસ.સી.દવે સહીતના કુલ ૧૭ જેટલા સાહેદોને કોર્ટ રૂબરૂ તપાસેલ હતા. ત્યારબાદ તમામ આરોપીઓનો વિશેષ જવાબ લેવામાં આવેલ હતો અને અંતમાં બંને પક્ષો દ્વારા વિગતવાર દલીલો કરવામાં આવેલ હતી.

### શહેર ભાજપ દ્વારા

# શહેરના દરેક વોર્ડમાં સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત બંધારણ ગૌરવ અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઇ

## ભાજપે કર્યું માનનીય ભારત રત્ન બાબાસાહેબ ડો.ભીમરાવ આંબેડકરની વિરાસતનું સન્માન

રાજકોટઃ ભારતના વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદીની સરકાર કેન્દ્રમાં કાર્ય કરી રહી છે ત્યારે ભાજપ સરકારે ૨૬ નવેમ્બરને '' બંધારણ દિવસ'' તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરી. આ દિવસ ભારત રત્ન બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરના બંધારણના ઘડવૈયા તરીકે યોગદાનને યાદ કરવા અને તેમને સન્માન આપવા માટે સમર્પિત છે. ત્યારે રાજકોટ શહેરના દરેક વોર્ડમાં બંધારણ ગૌરવ અભિયાન અંતર્ગત કાર્યશાળા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગર સંવિધાન ગૌરવ અભિયાનના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, સહસંયોજક શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ રતાભાઇ પરમાર, અને મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડાની આગેવાનીમાં શહેરના દરેક વોર્ડમાં યોજવામાં આવી હતી. આ તકે ડો.ભીમરાવ બાબાસાહેબને કોંગ્રેસ પાર્ટી



દ્વારા થયેલ અન્યાય અને ભાજપ પાર્ટી દ્વારા થયેલ સન્માનની ચર્ચા કરવામાં આવી હતી. આ તકે આવેલ વકતાઓએ જણાવ્યું હતું કે ડો.ભીમરાવ આંબેડકરજી ભારતના પ્રથમ પીએચડી ધરાવતા અર્થશાસ્ત્રી હોવા છતાં પણ કોંગ્રેસે આર્થિક નીતિઓમાં એમના યોગદાનની અવગણના કરેલ હતી.. દલિત સમુદાયના મુદ્દાઓને અવગણીને કોંગ્રેસે મુસ્લિમોને ખુશ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરેલ, એમણે કાશ્મીર મુદ્દે નેહરુની નીતિનો સખત વિરોધ કરેલ હતો. ડો.ભીમરાવ આંબેડકરજીએ નેહરૂની વિદેશ નીતિની સખત ટીકા કરતા એવી ચેતવણી આપી હતી કે નેહરૂની આ નીતિ ભારતને અલગ અલગ કરી દેશે. નહેરૂએ હિંદુ કોડ બિલ પસાર કરવા માટે કોઇ પ્રતિબધ્ધતા દર્શાવી ન હતી કે જે ડો.આંબેડકર દ્વારા સમર્થિત એક મહત્વપૂર્ણ સુધારો હતો. જેનો કોંગ્રેસની સરકારે તેઓને સતત અવગર્ણા હતા. જયારે ભાજપ સરકારે બાબાસાહેબ આંબેડકરજીના જીવન સાથે સંકળાયેલ મુખ્ય સ્થળોને પંચ તીર્થ તરીકેની ઓળખ આપી, અને તેઓને એકવાર ફરી ભારતની પ્રજા સમક્ષ મુકી તેમને માન સન્માન આપવામાં આવી રહેલ છે. આ કાર્યશાળા બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. રાજકોટ મહાનગરના દરેક વોર્ડમાં થયેલ કાર્યશાળાને સફળ બનાવવા આ કાર્યક્રમના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ અને કાર્યાલય ખાતેથી શહેર કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા અને સહકાર્યાલય મંત્રી શૈલેષ દવે જહેમત ઉઠાવી હતી.

# ધરોહર લોકમેળામાં કલેકટર તંત્રને રૂા.સવા બે કરોડથી વધુનું નુકશાન

## મંડપ ડેકોરેશન, જીઇબી, વીડિયો કેમેરા સહિતના બીલો હજુ બાકી



રાજકોટ તા.૧૬

રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર અને લોકમેળા સમિતિ જન્માષ્ટમીના તહેવાર પર ગત ઓગષ્ટ માસમાં રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજવામાં આવેલ લોકમેળો ભારે વરસાદના પગલે આ વખતે રદ્દ કરવામાં આવેલ હતો. જેના પગલે રાજકોટ જીલ્લા કલેકટર તંત્રને રૂા.સવા બે કરોડથી વધુનું નુકશાન થવા પામેલ છે.

કલેકટર કચેરીના સુત્રોમાંથી આ અંગે જાણવા મળ્યા મુજબ ગત ઓગષ્ટ માસમાં જન્માષ્ટમીના તહેવારો પર ભારે વરસાદ ખાબકતા અને રાઈડસ અંગેના વિવાદના કારણે આ મેળો રદ્દ કરવાની વહીવટી તંત્રને ફરજ પડી હતી.

જેના પગલે સ્ટોલના ભાડા અને ડીપોઝીટની રકમ પણ વેપારીઓને વહીવટી તંત્ર દ્વારા પરત કરી દેવામાં આવી હતી. આ મેળો રદ્દ કરાતા કલેકટર તંત્રને રૂા.સવા બે કરોડથી વધુનુ નુકશાન થયાનો આંકડો બહાર આવેલ છે. જેમાં મંડપ ડેકોરેશન, જીઈબી, વીડિયો કેમેરા સહિતના બીલો હજુ બાકી હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું.

# બુધવારે યોજાનારી લેન્ડગ્રેબીંગની બેઠકમાં રૂબરૂ સુનાવણી માટે દોઢ ડઝન જેટલા પક્ષકારોને કલેકટર તંત્ર દ્વારા નોટીસ

## સરકારની નવી ગાઈડલાઈન મુજબ ૬૦ કેસોનું હિયરીંગ થશે



રાજકોટ તા.૧૬

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૨મીને બુધવારના રોજ લેન્ડગ્રેબીંગની બેઠક જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજીત કરવામાં આવી છે જેમાં સુનાવણી માટે ૬૦ જેટલા કેસો મુકવામાં આવનાર છે.

લેન્ડગ્રેબીંગની યોજાનારી આ બેઠક સરકારની નવી ગાઈડલાઈન મુજબ પ્રથમ બેઠક યોજાશે. જેમાં રૂબરૂ સુનાવણી માટે દોઢ ડઝન જેટલા પક્ષકારોને કલેકટર કચેરી દ્વારા નોટીસ મોકલવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો હડપ કરનારાઓ સામે કાયદાનો શીકંજો કસવા માટે રાજય સરકાર દ્વારા લેન્ડગ્રેબીંગના કાયદો અમલી બનાવાયો છે.

જેમાં રાજય સરકારની નવી ગાઈડલાઈન મુજબ આ બેઠકમાં પોલીસ કમિશ્નર, જીલ્લા પોલીસવડા, મ્યુનિસિપલ કમિશ્નર સહિતના લેન્ડગ્રેબીંગ કમીટીના તમામ સદસ્યો માટે આ બેઠકમાં હાજરી આપવી ફરજીયાત કરવામાં આવી છે.

તેની સાથોસાથ કલેકટર કચેરીઓમાં લેન્ડગ્રેબીંગ વિભાગ માટે અલગથી મહેકમ ફાળવવાનો પણ રાજય સરકાર દ્વારા આદેશ કરવામાં આવેલ છે. આ દરમ્યાન હવે આગામી તા.૨૨મીને બુધવારના રોજ કલેકટર કચેરી ખાતે યોજાનાર લેન્ડગ્રેબીંગની બેઠકમાં દોઢ ડઝન જેટલા પક્ષકારોને રૂબરૂ સાંભળવા માટે કલેકટર તંત્ર દ્વારા નોટીસ આપી દેવામાં આવી છે.

# રાજકોટ શહેર કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા ૧૯થી ૨૧ જાન્યુઆરી સુધી યોજાશે

રાજકોટઃ ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલીત કલા મહાકુંભ ૨૦૨૪-'૨૫ રાજકોટ શહેરકક્ષાની સ્પર્ધાનું આયોજન તા. ૧૯ જાન્યુઆરીથી તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત તા. ૧૯ને રવિવારના રોજ ભરતનાટ્યમ સવારે ૦૯ કલાકે અને વકતૃત્વ સ્પર્ધા બપોરે ૧૧ કલાકે મીની સ્ટેજ, હેમુ ગઢવી નાટ્યગૃહ, રાજકોટ ખાતે યોજાનાર છે. જ્યારે તા. ૨૦ને સોમવારના રોજ બાલ ભવન, રેષકોર્ષ ખાતે દુહા-છંદ-ચોપાઇ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, હાર્મોનિયમ અને સ્કૂલ બેન્ડ સવારે ૯ કલાકે તેમજ લોકવાર્તા બપોરે ૧ કલાકે, તબલા સ્પર્ધા સવારે ૧૦ કલાકે, નિબંધ સવારે ૧૧ કલાકે, કાવ્યલેખન સવારે ૧૧ કલાકે, ગઝલ-શાયરી લેખન સવારે ૧૧ કલાકે યોજાશે.

ઉપરાંત, તા. ૨૦ના રોજ સવારે ૯ કલાકે લોકનૃત્ય મુખ્ય સ્ટેજ હેમુ ગઢવી હોલમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાં ગરબા ૯૩૦ કલાકે, રાસ સવારે ૧૦૧૫ કલાકે, લગ્નગીત સવારે ૧૧ કલાકે, સમૂહ ગીત બપોરે ૧ કલાકે અને સુગમ સંગીત બપોરે ૨ કલાકે યોજાશે. જ્યારે મીની સ્ટેજ પર ઓરગન સવારે ૯ કલાકે, શાસ્ત્રીય કંઠ્ય સંગીત બપોરે ૧ કલાકે, લોકગીત, ભજન બપોરે ૨ કલાકે યોજાશે.તા ૨૧ને મંગળવારના રોજ એકપાત્રિય અભિનય સવારે ૯ કલાકે મુખ્ય સ્ટેજ ખાતે યોજાશે. અને કથ્થક ૧૫થી ૨૦ વર્ષ માટે સવારે ૧૦ કલાકે મુખ્ય સ્ટેજ જ્યારે કથ્થક ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે સવારે ૯ કલાકે મીની સ્ટેજ, હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે યોજાશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને નેશનલ હાઈવે ઓથોરીટી વચ્ચે મીટીંગ મળી

# રાજકોટ-ગોંડલ સીક્સ લેન હાઈવેની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવા રજૂઆત




રાજકોટ, તા.૧૬

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા-રાજકોટના અધિકારીશ્રીઓ તેમજ કોન્ટ્રાકટરો સાથે મિટીંગ યોજી રાજકોટ-ગોંડલ સીકસલેન નેશનલ હાઈવેની કામગીરી દરમ્યાન ઉદભવતી ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવા રજુઆત કરવામાં આવેલ હતી.

રાજકોટ-ગોડલ નેશનલ હાઈ-વે સતત ધમધમતો હાઈ-વે છે. તેમજ આ હાઈ-વે જુનાગઢ, પોરબંદર, સોમનાથ વિગેરે સ્થળોને જોડતો મુખ્ય માર્ગ ગણાય છે અને રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવેની આસપાસ શાપર-વેરાવળ, હુડમતાળા, વાવડી, કાંગશીયાળી, કોઠારીયા વિગેરે જેવા મોટા ઈન્ડસ્ટ્રીયલ એરીયાઓ આવેલ હોય રોજ બરોજ વેપાર-ઉદ્યોગકારો અને આમ પ્રજાજનો દિવસ રાત અવર-જવર કરતા હોય છે.હાલમાં રાજકોટ-ગોંડલ સીક્સ લેન નેશનલ હાઈવેનું કામ કાજ ચાલી રહયું છે. જેના કારણે ખુબ જ મોટા પ્રમાણમાં કલાકો સુધી ટ્રાફિક જામ થાય છે અને લોકોના સમયની સાથે, નાણા અને ઈંધણનો પણ વ્યય થાય છે. ત્યારે આ કામગીરી દરમ્યાન પડતી વિવિધ મુશ્કેલીઓને ધ્યાને લઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, વાવડી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનને સાથે રાખી આજરોજ તા.૧૬ના રોજ રાજકોટ ચેમ્બર હોલ ખાતે નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા-રાજકોટના એન્જીનીયર, રેસીડેન્ટ એન્જીનીયર, ટીમલીડર, કોન્ટ્રકટર સાથે મિટીંગ યોજવામાં આવેલ હતી.

આ મિટીંગમાં ખાસ કરીને હાલ જે કામ ચાલી રહયું છે તેમાં મોટાભાગનું કામ રાત્રીના સમયમાં કવામાં આવે તો કામ ઝડપી પુર્ણ થઈ શકે તેમ છે. તેમજ જે એક ૮ સાથે કી.મી.નું કામ કરવામાં આવે છે તેના બદ્દલે તબકકાવાર બે કે ત્રણ કિ.મી.નું કામ કવું જોઈએ જેથી કરીને ટ્રાફિક ન ઉદભવે. તેમજ રીબડા થી લોઠડા સુધી રોડ પણ ડાયવર્ટ કરવો જોઇએ.

# શ્રી ઉમા મહિલા એક્ટિવિટી રાજકોટ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું

રાજકોટઃ શ્રી ઉમા મહિલા એક્ટિવિટી રાજકોટ દ્વારા આયોજિત ભવ્ય થી ભવ્ય અષ્ટોતર સત ( ૧૦૮) શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ વક્તા પૂજ્ય શાસ્ત્રીજી શ્રી નિખિલભાઇ જોશી ના શ્રી મુખે ના સુંદર રીતે સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે આયોજન ખૂબ જ ખુશાલ રીતે સંપૂર્ણ થઈ ગયેલું .પૂજ્ય શ્રી સ્વસ્તિક દીદી આત્મીય કોલેજ,પૂજ્ય શ્રી નીતા દીદી ,શ્રી અંજુ દીદી બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય ,રાજકોટ અને અનેક મહિલા અગ્રેનીયો વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ.

આ કથા ના મુખ્ય યજમાન શ્રી મનસુખભાઈ પાન , શ્રી મતી શોભનાબેન પાન અને સહ યજમાન શ્રી મહેશ ભાઈ ભુવા ,શ્રીમતી હિના બેન ભુવા ના સહયોગ આપેલ તે માટે ખૂબ જ આભાર વ્યક્ત કરી છી.

આ કથા માં સમાજ ના આગેવાનો, રાજકીય આગેવાનો,સાધુ સંતો અને અનેક સંસ્થા થી પધારેલ બધા ને ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરી છી.જેના ખાસ કરીને શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા સાહેબ સંસદ સભ્ય રાજકોટ, ડૉ ભરતભાઈ બોઘરાં સાહેબ પ્રદેશ ઉપાધ્યક્ષ ગુજરાત,શ્રી મતી દર્શિતાબેન શાહ ધારાસભ્ય,શ્રી રમેશ ભાઈ ધારાસભ્ય શ્રી, શ્રી મતી નયના બેન પેઢડિયા મેયર શ્રી, શ્રી મતી લીલું બેન જાદવ શાસક પક્ષ નેતા શ્રી,શ્રી મુકેશ ભાઈ દોશી રાજકોટ શહેર પ્રમુખ બીજેપી ,શ્રી બ્રિજેશ ભાઈ મેરજા પૂર્વ મંત્રી ગુજરાત,શ્રી ચેતન ભાઈ સુરેજા કોર્પોરેટર શ્રી, શ્રી મતી પ્રવિણા બેન રંગાણી જિલ્લા પ્રમુખ ,શ્રી મતી કિરણ બેન માકડિયા, શ્રી મનીષ ભાઈ રાડિયા,શ્રી રાજદીપસિંહ ભાઈ જાડેજા, શ્રી હરીશ ભાઈ કાનાની ખાસ હાજરી આપેલી

# ગાયકવાડીમાં ૧૧ સહિત ૩૦ બાકીદારોની મિલ્કતો સીલ

## જંકશન રોડ, પરસાણાનગર, લીમડા ચોક, બંગડી બજાર, ગુણવંત વાડી, ૧૫૦ ફુટ રોડના કોમ્પ્લેક્ષ, કેવડાવાડીમાં કાર્યવાહીઃ ભગવતીપરામાં એક નળ જોડાણ પણ કપાયું

રાજકોટ, તા. ૧૬

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખા દ્વારા સંક્રાંતિ બાદ કડક વસુલાત આગળ વધારવામાં આવી છે. આજે છેલ્લા ઘણા દિવસોની એક સાથે સૌથી વધુ ૩૦ મિલ્કતો એક દિવસમાં સીલ કરવામાં આવી છે. તો એક નળ જોડાણ પણ કાપવામાં આવ્યું છે. આ સાથે નાણાંકીય વર્ષની કુલ આવક ૩૩૮ કરોડને પાર પણ થઇ છે.



આજે જંકશન અને ગાયકવાડીમાં ટેકસની ટીમો તુટી પડી હતી અને ગાયકવાડીમાં તો ૧૧ મિલ્કત સાથેનું એક એક મોટા ભાગનું બિલ્ડીંગ સીલ કરી દેવામાં આવતા બાકીદાર મકાન માલિક અને ભાડુતોમાં દોડધામ થઇ હતી.

આજે ટેકસ શાખાએ જાહેર કરેલી વિગતો મુજબ વોર્ડ નં.૩માં રેલવે જંકશન રોડ પર બે, જંકશન રોડ પર જ સદગુરૂ કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળે આવેલ દુકાન, જંકશન રોડ પર અન્ય બે મિલ્કત, ગાયકવાડી મેઇન રોડ પર ૧૧ મિલ્કત અને પરસાણાનગરમાં એક મિલ્કતને બાકી વેરા બદલ સીલ મારવામાં આવ્યા હતા. અન્ય મિલ્કતોમાં આ વોર્ડમાં રીકવરી થઇ હતી.વોર્ડ નં.૪માં મોરબી રોડ પર ભગવતીપરામાં એક નળ જોડાણ કાપવામાં આવ્યું હતું. તો જય કિશન મેઇન રોડ પર એક મિલ્કત સીલ કરાઇ હતી. વોર્ડ નં.પના પેડક રોડ પર એક આસામીએ ચેક જમા કરાવ્યો હતો.વોર્ડ નં.૭માં આજે લીમડા ચોકના આલાપ-બી બિલ્ડીંગમાં બીજા માળે આવેલ ઓફિસને સીલ મારવામાં આવ્યા હતા. સોની બજાર અને ગોંડલ રોડ પર પાંચ આસામીને ત્યાં સીલની કાર્યવાહી કરવા જતા વેરો ભરી દીધો હતો. બંગડી બજારમાં રિધ્ધિ સિધ્ધિ ચેમ્બરમાં બીજા માળની દુકાન સીલ કરાઇ હતી. ગુણવંત વાડીમાં પણ છ યુનિટને સીલ કરવામાં આવ્યા હતા. ગોંડલ રોડ પર એક મિલ્કતમાંથી રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૮માં ૧૫૦ ફુટ રોડ પર આવેલ કુબેર કષ્ટભંજન કોમ્પ્લેક્ષમાં પાંચમા માળે, કાલાવડ રોડના પ્રસંગ કોમર્શિયલમાં પ્રથમ માળે, ૧૫૦ ફુટ રોડ પર એક મિલ્કતમાં સીલ મારવામાં આવ્યા હતા.રાધાનગરમાં એક નળ જોડાણ કાપતા રૂા. ૯૦ હજારની રીકવરી થઇ હતી. વોર્ડ નં.૧૩ના મણીનગર, સમ્રાટ ઇન્ડ. એરીયા, વોર્ડ નં.૧૫ના ૮૦ ફુટ રોડ પર નોટીસ સામે બાકી વેરો છુટો થયો હતો. તો વોર્ડ નં.૧૪માં કેવડાવાડી મેઇન રોડ પર આવેલ સોમનાથ કોમ્પ્લેક્ષમાં એક દુકાનને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૧૮ના ગોંડલ રોડ અને સોમનાથ ઇન્ડ. એરીયામાંથી પણ ચેક જમા થયા હતા. આજે બપોર સુધીમાં ૩૦ મિલ્કતને સીલ મારવા સિવાય ૧૫ મિલ્કતમાં સીલની કાર્યવાહી કરતા રીકવરી થઇ હતી. આજના દિવસમાં ટેકસની આવક ૨૫ લાખ થઇ હતી. આ સાથે તા.૧-૪-૨૦૨૪થી આજ સુધીમાં વેરાની કુલ આવક રૂા. ૩૩૮.૩૨ કરોડ પર પહોંચી છે. આ ઝુંબેશ ડે.કમિશનર સી.કે.નંદાણી, આસી. કમિશ્નર સમીર ધડુક, મેનેજર વત્સલ પટેલ, સિધ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, નિલેશ કાનાણી, ગૌરવ ઠકકર, વોર્ડ ઓફિસર, ઇન્સ્પેકટરની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

# રાજકોટ મનપાના અધિકારીઓ નવનિર્મિત મોરબી કોર્પોરેશનના સ્ટાફને પાઠ ભણાવવા રૂબરૂ કલાસ લેશે

## એસ્ટા વિભાગે ઓર્ડર કર્યાઃ મહત્વની શાખાઓની કામગીરી અંગે કર્મચારીઓને મેન્ટર આપશે માર્ગદર્શન

રાજકોટ, તા. ૧૬

રાજય સરકારે તાજેતરમાં નવી મહાપાલિકાઓની જાહેરાત કરતા તમામ આઠ કોર્પોરેશનમાં કમિશ્નર સહિતનું સેટઅપ પણ મૂકી દેવામાં આવ્યું છે. તો સાથે મુખ્યમંત્રીએ વર્ષો જુની કોર્પોરેશનને નવા કોર્પો.ના મેન્ટરની જવાબદારી સોંપી છે. તેના ભાગરૂપે રાજકોટ મનપાના જુદા જુદા વિભાગના વડાઓને માર્ગદર્શન માટે મોરબી મોકલવાનો શેડયુલ બનાવવામાં આવ્યો છે.




મોરબી નગરપાલિકામાંથી હવે મહાનગરપાલિકા બની છે. આથી રાજકોટ કોર્પોરેશન જેટલા વિભાગ, સેટઅપ સહિતની વ્યવસ્થા અમલમાં આવી છે. મોરબીમાં વધુ ગામો અને વિસ્તારો ભેળવવામાં આવ્યા છે. નવા કમિશ્નર એકટીવ થઇ ગયા છે.રાજકોટના જ ડે.કમિશ્નર સ્વપિનલ ખરેએ રાજકોટ જેવી જ કામગીરી શરૂ કરી દીધી છે. છતાં અનેક વિભાગોમાં કરવાના કામ અંગે સ્ટાફને માર્ગદર્શન આપતા રહેવાનું છે. સરકારે નવી મોરબી અને ગાંધીધામ મહાપાલિકાના મેન્ટર તરીકે રાજકોટને કામ સોંપ્યુ હોય આ સેશન પણ શરૂ થવાના છે.કોર્પો.ના એસ્ટા વિભાગે જુદા જુદા વિભાગના વડાઓને તારીખ સાથે મોરબી જવા માટેનો શેડયુલ બનાવ્યો છે. ટીપી, બાંધકામ, વોટર વર્કસ, ટેકસ, આરોગ્ય, રોશની, ડ્રેનેજ સહિતની શાખાના મુખ્ય અધિકારીઓ અને વિભાગના વડાઓ મોરબી જઇને આ વિભાગમાં કરવાની કામગીરી અંગે સ્ટાફને માર્ગદર્શન આપશે. જરૂર પડે ત્યારે ડે.કમિશ્નર પણ માર્ગદર્શન આપવા જવાના છે. આ રીતે મોરબીના સ્ટાફને કોર્પો. કક્ષાએ તૈયાર કરવાનું કામ પણ શરૂ થઇ જવાનું છે. જોકે ગાંધીધામ કોર્પોરેશનમાં જવા માટે હજુ સુધી કોઇ શેડયુલ બન્યો નથી.

### અમીન માર્ગના ફાટક પાસે

# વર્ષોથી કબૂતરોને નાખવામાં આવતી ચણની જગ્યા હા.બોર્ડના મકાન માલિકોની છે કામદાર

## પારેવાના લોહીથી હા.બોર્ડનું મેદાન ખરડાઈ રહ્યું છે, તંત્રમાં અનેક વખત રજૂઆતો કરાઈ છે

રાજકોટ તા.૧૬

ગુજરાત હાઉસીંગ બોર્ડના અમીન માર્ગના ફાટક પાસેની ખુલ્લી જગ્યા પર ઘણા વર્ષોથી કબૂતરોને ચણ નાંખવામાં આવી રહી છે. આ અંગે હાઉસીંગ બોર્ડના સુમનભાઈ કામદાર, ચિત્તલીયાભાઈ, પંડયાભાઈ સહિતના અન્ય રહીશોએ આ સ્થળ પર કબૂતરોને ચણ નાંખવાથી ભારે ગંદકી ફેલાય છે. બિલાડી-કુતરાઓ કબૂતરોને મારી નાખે છે. તેવી રજૂઆતો તંત્રમાં અનેકવાર કરી છતા તંત્ર તરફથી કોઈ પ્રતિસાદ સાંપડયો નહોતો.

આ સંદર્ભે સુમનભાઈ કામદારે જણાવેલ છે કે પારેવાના લોહીથી



હાઉસીંગ બોર્ડનું મેદાન ખરડાઈ ગયું છે. ચણ નાખનારા અજાણ્યા છે ભૂતકાળમાં આ જગ્યાએ આઠ દસ માળની યોજના હતી અને અમે તે કોર્ટમાં પડકારી હતી તેમાં સફળ થયા, કારણ કે આ જગ્યા હા.બોર્ડની નથી પણ મકાન ધારકોની છે. જેની રકમ અમારી પાસેથી પહેલેથી જ વસુલી લેવાઈ છે.

પરિણામે ઉંચા મકાનની યોજના બંધ રહી. આ ચુકાદો ૨૦૧૬નો છે. અને ત્યાં ફેરિયાઓને બેસવા દીધા નહોતા. જેથી પુરવાર થાય છે કે આ જગ્યાના માલિક શરૂઆતના ૪૮ મકાન માલિકો છે તેથી મંજુરી વગર પ્રવેશ ફોજદારી ગુન્હો બને છે તેવો દાવો કરવામાં આવ્યો છે.


# રૂપિયો તૂટતા બજેટમાં આયાત પર વધુ ડ્યૂટી લદાશે

નવી દિલ્હી ડોલર સામે રૂપિયામાં સતત ઘટાડાથી સરકારની ચિંતા વધી ગઈ છે. તેનાથી નિપટવા માટે સરકાર આગામી બજેટમાં કેટલાક મહત્વના નિર્ણયો લઈ શકે છે. અભ્યાસી વર્તુળોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનામાં રૂપિયાના મૂલ્યમાં થયેલા ભારે ઘટાડાનો સામનો કરવા માટે સરકાર આગામી બજેટમાં આયાત પર વધુ ડ્યૂટી લાદવાનું વિચારી શકે છે. દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યાના શરૂઆતના દિવસોમાં રૂપિયામાં થોડી વધઘટ થઈ શકે છે, પરંતુ થોડા દિવસો પછી તે સ્થિર થઈ જશે તેમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટમાં જણાવાયું છે. ટૂંકા ગાળાની આ ઘટનાને 'ટ્રમ્પ ટેન્ટ્રમ' નામ આપવામાં આવ્યું છે.

જાણીતા અર્થશાસ્ત્રીએ દલીલ કરી હતી કે ઊંચી આયાત શુલ્ક આયાતકારો પાસેથી ડોલરની માંગને કાબૂમાં રાખશે અને રૂપિયાના ઘટતા મૂલ્યને રોકવામાં મદદ કરશે. ૧૩ જાન્યુઆરીએ રૂપિયો પ્રતિ ડોલર ૮૬.૭૦ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યો હતો. છેલ્લા બે સપ્તાહમાં રૂપિયામાં એક રૂપિયાથી વધુનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. યુએસ ડોલર સામે રૂપિયામાં અચાનક ઘટાડો નીતિ નિર્માતાઓ માટે પડકારરૂપ બનશે. માત્ર રૂપિયો જ નહીં પરંતુ અન્ય યુરોપિયન કરન્સી પણ સમાન દબાણનો સામનો કરી રહી છે.

વિનિમય દરોની હિલચાલને પ્રભાવિત કરવા માટે બજેટમાં કોઈ ખૂબ જ શક્તિશાળી રાજકોષીય સાધનો નથી, પરંતુ તેઓ ડ્યુટી દરોની થોડી વધુ નજીકથી તપાસ કરી શકે છે અને તેઓ સ્થાનિક ઉદ્યોગ માટે ભારતીય અર્થતંત્રને સંભવિતપણે પ્રોત્સાહન આપી શકે છે. આના કારણે આયાત ડ્યૂટીની આવકમાં પણ વધારો થઈ શકે છે. આ સાથે આયાતકારો તરફથી ડૉલરની માંગ પણ ઘટી શકે છે.






બજેટમાં આયાત ડ્યુટીમાં કેટલાક સુધારા થઈ શકે છે. આમ, આયાતની માંગમાં ઘટાડો થઈ શકે છે અને સ્થાનિક ઉત્પાદન દ્વારા આયાત માટે થોડો વિકલ્પ હોઈ શકે છે. ડોલરની માંગ અને વધારાની આયાત ડ્યુટી આવકના સંદર્ભમાં થોડી બચત થઈ શકે છે. ઉપરાંત, આ તમામ પગલાં સાથે, ફી વધારા અને તર્કસંગતકરણની દિશામાં થોડી પ્રગતિ કરી શકાય છે.

સ્ટેટ બેંકના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે યુએસમાં ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખના કાર્યકાળ કરતાં રિપબ્લિકન પાર્ટીના પ્રમુખના કાર્યકાળ દરમિયાન રૂપિયો વધુ સારો દેખાવ કરે છે. અમેરિકી ડોલર સામે રૂપિયો ૮૬ની સપાટીને પાર કરી ગયો હતો. જો આપણે નિક્સન યુગથી લઈને અત્યાર સુધીના અમેરિકન પ્રમુખોના કાર્યકાળનું ઐતિહાસિક વિશ્લેષણ કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ડેમોક્રેટિક વહીવટીતંત્રની સરખામણીમાં રિપબ્લિકન વહીવટ દરમિયાન રૂપિયાની કામગીરી સ્થિર રહે છે. અહેવાલ મુજબ, વર્તમાન અસ્થિરતા 'ટેપર ટેન્ટ્રમ'ને પ્રતિબિંબિત કરતી નથી અને આ માન્યતાને મજબૂત કરે છે કે રૂપિયા માટે 'ટ્રમ્પ ટેન્ટ્રમ' પણ પ્રારંભિક અવરોધ પછી ચલણને સમાયોજિત કરવા સાથે એક અસ્થાયી ઘટના હશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અનુભાવિક પુરાવાઓ અનુસાર, રૂપિયા માટે ટ્રમ્પ ટેન્ટ્રમ ડેવલપમેન્ટ ખૂબ જ ક્ષણિક હશે અને ટ્રમ્પના પ્રમુખપદના શરૂઆતના દિવસો પછી રૂપિયામાં કરેક્શન જોવા મળશે. રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, કોરોના પછી વધુ અસ્થિર હોવા છતાં, રૂપિયાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો ટેકો છે અને તે વર્તમાન પડકારોને પાર કરશે. આવતા મહિનામાં, ઊભરતાં બજારોની કરન્સીને અસર કરતી બાહ્ય ઘટનાઓની અસર પણ સમાપ્ત થશે, પછી રૂપિયો તેના કુદરતી સ્તરે પહોંચશે.

# વૈશ્વિક બિઝનેસને વેગ આપવા માટે હવે સરકાર ભારતીય કંપનીઓને મદદ કરશે

નવી દિલ્હીઃ વાણિજ્ય અને મહેસૂલ વિભાગ દેશમાં ઈ-કોમર્સ નિકાસ હબના સંચાલનને સક્ષમ કરવા બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી સાથે મળીને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તૈયાર કરી રહ્યું છે.



એક અંદાજ મુજબ, વૈશ્વિક ઈ-કોમર્સ નિકાસ ૨030માં ૨,000 બિલિયન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે, જે હાલમાં ૮00 બિલિયન ડોલર છે. આ માધ્યમથી ભારતની નિકાસ માત્ર પાંચ અબજ યુએસ ડોલર એટલે કે ચીનની વાર્ષિક ૨૫૦ અબજ યુએસ ડોલર (રૂ. ૨૨ લાખ કરોડ)ની નિકાસની સરખામણીમાં લગભગ રૂ. ૪૩ હજાર કરોડ છે.

ઈ-કોમર્સ નિકાસમાં અગ્રેસર ચીન, ઈ-કોમર્સ માટે નિકાસ કેન્દ્રોમાં પણ અગ્રેસર છે. આ કારણે ચીનની નિકાસ ૨૦૨૩માં તેની કુલ વેપારી નિકાસના ૬.૪ ટકા છે. વિદેશી વેપાર નીતિ-૨૦૨૩માં ઈ-કોમર્સ નિકાસ કેન્દ્રો સ્થાપવાનો ઈરાદો અને રૂપરેખા સ્પષ્ટ કરવામાં આવી છે.

સરકારી સુત્રોએ જણાવ્યું હતું કે વાણિજ્ય મંત્રાલયે ઈ-કોમર્સ નિકાસ હબના સંચાલનને સક્ષમ કરવા કેન્દ્રો સ્થાપવા માટે ડીએચએલ, લેકશિપ, ગોગ્લોકલ, શિપરોકેટ અને કાર્ગો સર્વિસ સેન્ટરની પાંચ અરજીઓને મંજૂરી આપી દીધી છે. ડીએચએલને બેંગલુરુનું કામ સોંપવામાં આવ્યું છે, જ્યારે ગોગ્લોકલનું સેન્ટર મુંબઈમાં સ્થપાશે. દિલ્હી એરપોર્ટ અને તેની આસપાસ શિપરોકેટ અને કાર્ગો સર્વિસ સેન્ટર બનાવવામાં આવશે.

મહેસૂલ વિભાગ આ કેન્દ્રો માટે જરૂરી તમામ સુવિધાઓ અને માલની સુરક્ષા મંજૂરી કેવી રીતે કરવી તે જેવા મુદ્દાઓ પર કામ કરી રહ્યું છે. આ તમામ મુદ્દાઓ પર એસઓપી તૈયાર કરાશે. તેને ફાઈનલ કર્યા બાદ તેઓ કામગીરી શરૂ કરશે.

ઈ-કોમર્સ નિકાસ કેન્દ્રોમાં ઝડપી સરહદ અને સુરક્ષા મંજૂરીની સુવિધા હશે. તેમની અંદર ગુણવત્તા અને પ્રમાણપત્ર એજન્સીઓ માટે પણ જોગવાઈ હશે. ઈ-કોમર્સ કન્સાઈનમેન્ટ્સ અને રિજેક્ટેડ આઈટમ્સ ઈમ્પોર્ટ ડ્યૂટી ચૂકવ્યા વિના પરત કરવા માટે એક સરળ રી-ઈમ્પોર્ટ પોલિસી પણ હશે.

# ડાકોર મંદિરમાં વર્ષો જૂની ગૌદાનની પ્રથા બંધ, ફક્ત ગૌપૂજન કરવાનો કમિટીનો નિર્ણય

ધનુર્માસનો છેલ્લો દિવસ હોવાથી ડાકોર મંદિરમાં રણછોડરાયજીના દર્શનાર્થીઓનો ધસારો જોવા મળ્યો હતો. ડાકોર નગરમાં ધાબા ખાલી રહ્યા હતા અને આકાશમાં ગણતરીની પતંગો જ પતંગ ચગતી જોવા મળતા ઉત્તરાયણ નિરસ રહી હતી. જ્યારે મંદિર કમિટીએ ગૌદાનની પ્રથા આ વર્ષે બંધ રાખી માત્ર ગૌપૂજન જ કર્યું હતું. હવે ગાયના બદલે બળદની જોડીનું ખેડૂતોને દાન કરવા કમિટીએ નિર્ણય કર્યો છે.યાત્રાધામ ડાકોરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી નીરસ જોવા મળી હતી. પવનનું જોર વધારે હોવાથી અને ઠંડીનો ચમકારો બપોરે ૧૨ વાગ્યા સુધી રહ્યો હતો. જેના કારણે આકાશમાં ગણતરીના પતંગો જ જોવા મળ્યા હતા. ધનુર્માસનો છેલ્લો દિવસ હોવાથી ઠાકોરજીના દર્શન કરવા ભક્તો આવતા હોવાના લીધી વેપારીઓએ વેપાર- ધંધામાં વ્યસ્ત બનતા ડાકોર નગરમાં મોટાભાગના ધાબા ખાલી જોવા મળ્યા હતા. ડ્રાયફ્રૂટ ખિચડી, ઊંધિયું, જલેબીના હંગામી સ્ટોલ પર ખરીદી માટે ભીડ જોવા મળી હતી.



જો કે, પર્વમાં કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી. ડાકોર મંદિર તરફથી ઉત્તરાયણ પર્વે બ્રાહ્મણ પરિવારને પાંચ ગાયોના દાનની વર્ષોથી ચાલતી પરંપરા કમિટી દ્વારા બંધ કરાઈ હતી.

આ સંદર્ભે ડાકોર ટેમ્પલ કમિટીના મેનેજર જે.પી. દવેએ જણાવ્યું હતું કે, અગાઉ જે ગાયોનું દાન અપાયું હતું તે દાન લેનારાના જણાવ્યા પ્રમાણે દાનમાં આવેલી ગાયો ગૌશાળા છોડી જતી નથી. ઘણીવાર ખોરાક બંધ કરી દે છે. ગૌધનનો સમૂહ જોવા નહીં મળતા થોડા જ સમયમાં જ મૃત્યુ પામે છે. જેને લીધે મંદિર દ્વારા દાન પ્રથા બંધ રાખી ભંડારી મહારાજના હસ્તે ગૌપૂજા કરી ગાયોને પાછી ગૌશાળા મોકલી અપાઈ હતી. હવે ગૌદાન પ્રાથાની જગ્યાએ ખેડૂત પુત્રને બળદની જોડીનું દાન આપવામાં આવશે. તેવું તેમણે જણાવ્યું હતું.


॥ જય માતાજી ॥
॥ જય માં આશાપુરા ॥
RAR
Foundation
સ્વ. મહિપતસિંહજી ભાવુભાબાપુ જાડેજા-રીબડા
માજી ધારાસભ્યશ્રી - ગોંડલ
ની દ્વિતીય પુણ્યતીથીના સ્મરણાર્થે
થેલેસેમિયા તથા ગંભીર બીમાર દર્દીઓ માટે
મહા
દ્વિતીય
રક્તદાન કેમ્પ
1 ફેબ્રુઆરી 2025, શનિવાર
સમય
સવારે ૬:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી
સ્થળ
શ્રી મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ નેશનલ હાઈવે, રીબડા.
રાજદિપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા
સંસ્થાપક : RAR ફાઉન્ડેશન ભારત

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે ફક્ત પાપણ જેટલો ભેદ હોય છે. ખુલ્લે તો પ્રકાશ બંધ થાય તો અંધકાર. કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

# શ્રી રઘુવંશી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ




## આમંત્રણ

**આત્મીય સ્વજન શ્રી........................................**

અપ્રતિમ શૌર્ય અને સર્વોચ્ચ બલિદાનનું ઝળહળતુ પ્રતીક,
ગૌવંશ કાજે વીરતાપૂર્વક જંગ લડી,
શહાદત વહોરી, અમરત્વ પ્રાપ્ત કરનાર,
રઘુકુળ ભુષણ અને લોહરગઢના અંતિમ યુવરાજ
પૂજ્ય વીરદાદા જશરાજજીના શૌર્યદિન નિમિતે
**ભજન સંધ્યા**
કાર્યક્રમમાં આપશ્રીને સહપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

## ॥ ભજન સંધ્યા ॥

**તા.૧૭-૦૧-૨૦૨૫, શુક્રવાર**
**સાંજે ૬:૦૦ કલાકે**

આ કાર્યક્રમ મહિલા સમિતિ દ્વારા આયોજીત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમને ભકિતમય બનાવશે સુપ્રસિધ્ધ કલાકારો

**॥ગાયક કલાકાર॥**
ભદ્રેશભાઈ માણેક, રશ્મિબેન માણેક, પરેશભાઈ પંડયા, પૂજાબેન દવે

**॥ સંગીત ॥**
કિશનભાઈ મીરાણી, મનોજભાઈ લાખાણી, જતીનભાઈ જીવરાજાની

**કાર્યક્રમ બાદ ભોજન પ્રસાદ સાથે લઈશુ.**

॥ મધ્યસ્થ કાર્યાલયનું સરનામું ॥
જાગનાથ મંદિર ચોક, ડૉ.યાજ્ઞિક રોડ, રાજકોટ. મો. ૯૮૨૪૪ ૦૦૦૩૦


## શ્રી રઘુવંશી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ

### ટ્રસ્ટીશ્રીઓ


પ્રતાપભાઈ મોરારજીભાઈ કોટક



હસમખુરાય નરોતમભાઈ ભગદેવ


શૈલેષભાઈ જયેન્દ્રભાઈ પાબારી


જેષ્ઠારામ ભગવાનજીભાઈ અઢીયા


કલ્પેશભાઈ કાંતીલાલ તન્ના


પરેશકુમાર બાલુભાઈ વિઠ્ઠલાણી


સુરેશભાઈ હરજીવનભાઈ ચંદારાણા


કેતનભાઈ ચંદ્રકાંતભાઈ પાવાગઢી


વિપુલકુમાર હસમુખલાલ મણીયાર


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English Language With
Money Back
Guarantee..
FREE TRIAL 3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

**98983 17826**



અને જોડાઇ જાવ અમારી સાથે...


SAPPHIRE GOLD
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in
સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...
2 BHK Flats
618 Carpet
3 BHK Flats
824 Carpet
એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...
@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot
Contact : 94038 90004
RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**


# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062